ગજસુકમાલ અહિયાસિઉ, સોમિલકૃત અતિ દુખ;
તતખિણ કર્મ્મ ખયંકરી, લીધો શિવપુર સુખ શ્રી ગુરૂ ૫૦
ધર્મ્મરૂચી કડુતુંબડો, આહાર્યો તતકાલ;
જીવ દયાને કારણે, લાધો સુખ વિશાલ શ્રી ગુરૂ ૫૧
ચરિતધર્મ્મ એ સંભલ્યો, એ સહુને આદેય;
ઇત્યાદિકને આદરે, તે પામે શિવ શ્રેય શ્રી ગુરૂ ૫૨
પઢમઉવંગેજિણિભણ્યો, જહઠિયવાદિએ જાણિ;
જે જગ હુંતો જેહવો; કેવલદર્શનનાણિ; શ્રી ગુરૂ ૫૩
ઠાણુંગએકાદિથી, લોકાકિદશઠાણ;

ચોથે અંગે ઇણિપરે, કોડાકોડિપ્રમાણ, શ્રી ગુરૂ ૫૪
પન્નવણાદિકઆગમે, પ્રાએજહઠિયહોય;
જ્ઞેયહેયઆદેયએ, હિયેવિચારીજોય. શ્રીગુરૂ ૫૫
ભગવઈ અંગે જેમ કહ્યો, નિશ્ચય ને વ્યવહાર;
સંખેપે સુણી ચેહથી, સઘલે કરો વિચાર. શ્રીગુરૂ ૫૬
મંજીઠા રાતિ કહી નીલી શુકનીપંખ;
પીલી હલદ કાલી ગુલી, ધવલા ખીર શશિ શખ શ્રીગુરૂ ૫૭
મીઠી સાકર ભેખજ, કડુઓ લિંબ સુતિખ,
ઈત્યાદિ રસ જાણિવા, ફરસિણ છારી લુખ. શ્રીગુરૂ ૫૮
વ્યવહારે નિશ્ચે હવે, પચ વરણ રસ પંચ ગંધ;
અડફરસા તિહાં ગઇકઇક નહીખલ ખંચ. શ્રીગુરૂ ૫૯
બોલ અગ્યાર શ્રવણે સુણી મનસુ કરો વિચાર;
જે જિહા મિલે તો તે તિહાં, ભાખો શ્રુત અનુસાર. શ્રીગુરૂ ૬૦

॥ कलश ॥

ઇગ્યાર પદ એ સૂત્રસાખિ, સુગુરૂ મુખ અવધારીયે,
આદેય પદમન વચકાયે આદરી હિય વારીયે,
જ્ઞેયવસ્તુ સ્વરૂપ જાણી ધર્મ્મશું મન રાખીએ,
સૂરિંદ્ર શ્રી પાસચદ્ર શિષ્યે સમરસિઘ ઇમ ભાખિએ. ૬૧

ઇતિશ્રી ઉપદેશ સારરત્નકોશ અગ્યાર બોલસજઝાય સંપુર્ણ.

अथ श्री ओगणत्रीसी भावना.

(દુહા.)

અવિચલ પદ મન થિર કરી, જિહાછે સુખ્ખ અપાર,
પ્રતિબોધિશું મન આપણો, જિમ પામીશું ભવપાર.
રે મન તેં અસ્થિરપણે, કીધા કરમહ કોડ,
રાગતણે રંગે કરી, જીવહ આણી ખોડ ૨
પંચેંદ્રી પરવસપણે, જે મેં કીધા પાપ,
તે મુખે કહિયે કેટલા, હુઓ સંસારહ વ્યાપ. ૩
જ્ઞાનદૃષ્ટિ જીવ જોઇ તું; મોહતણી મતિ મુક;
વલી વલી પામિશ નહી, નરભવ આલિમ ચૂક. ૪
જે દીસેં પ્રહ ઉગતે, તે સંધ્યા નવિ હોય;
ધણ ધન્નહ પરિવારની, મમતા મ કરો કોય. ૫
નાહણ ભોયણ આભરણ, જે પોસિયેં અપાર;
એકે જાતે જીવડે, તે દહિ કીજે છાર ૬
મંદિર માહે ધન ધરણિ, સીમ રહે પરિવાર;
કાયા અગની પરજલે, જીવ જાયે નિરધાર ૭
જાવજીવ ધન મેલીયો, એ તુઝ આવ્યો ભાગ;
સકટ એક કાઠી ભર્યો, ખોખરી હાંડે આગ. ૮
માણસનેં પામે મરણ. સોચે સગા અપાર;
આપણપેં જાશું સહી, ઇમ નવિ ગણે ગમાર. ૯
ઇંદ્રાદિકનેં ચક્રિ ગણ, રાય રાણા અવલોક;
ગજ રથ તુરંગે પરિવર્યા, તે પહુંતા પરલોક. ૧૦
વસ્ત્રહીન તું જનમીઓ, જાઇસ તેણે રૂપ;

પાપેં પિડંજ પોસિઓ, પડયો સંસારહ કુપ ૧૧
માયા તાય બંધવ બહિન, ભજ્જા સુત ભંડાર,
માહરૂં કરતાં માનવી, ગયા સવે નિરધાર. ૧૨
ગામ ગયો આવે વલી, હરખે મિલે સહુ કોઈ,
ઈણ પથે પંથી હુવા, તેહને ન મિલે કોઇ ૧૩
પરભવ જાતાં જીવનેં, આરો કોઇ ન થાય,
પ્રમદા ચોસઠ સહસનો, પતિ પરલોકે જાય ૧૪
ઇંદ્રાદિક સેવે સદા, જેહને ત્રિગડો વાસ,
તેહુ જિન થિર નવિ રહ્યા, અવર જીવ કુણ આશ ૧૫
લાખ બત્રીસ વિમાનના, પતિ જેહને સેવંત,
કાજ કરે મનશુ સદા, તે હું ઇંદ્ર ચવંત ૧૬
માય તાય બંધવ કવણ, કુણ વૈરી કુણ મીત,
એ તાહરો સહુએં સગો, સાભલ તું એક ચિત્ત ૧૭
સૂઇ અગ્રે ભૂંય ચાંપીયેં, ચોદહરાજ પ્રમાણ,
તેં સઘળી ફરસી સહી, સરિસી ચારે ખાણ ૧૮
તેં નિગોદભવ પૂરીઆ, સાત નરક કીયો વાસ,
બંધન વધ્યો કર્મનેંઃ કીધો કૂડ અભ્યાસ. ૧૯
સાયર સલિલથકુ અધિક, તેં પીધો માયથાન,
બહુ પર્વત પ્રાહેં ઘણા, તેં આરોગ્યા ધાંન ૨૦
સમુદ્ર નદી પ્રાહેં ઘણો, જીવ તેં પાણી પીધ;
ભૂરિ ભવંતર પૂર તેં, તોહી તૃપતિ ન લીધ. ૨૧
ઇમિ ભમતાં સહુએ સગો, શત્રુ ન કો સંસાર;
સમતાશું મન સંવરે, મૈત્રીભાવ વિચાર. ૨૨
કુસઅગ્રેં જલબિંદુ સમ, જલબુદ બુદ જિમ હોઈ,

ઇંદ્રધનુષ ગજ કન્નપરેં, જીવિય ચપલ ઇમ જોઇ. ૨૩
સુહણા સમવડ જાંણિયે, એ સઘલો સંયોગ,
ધર્મ મ છંડિસ મન થકી, તેહનો લહી વિયોગ. ૨૪
આપ સવારથ આવિયો, એ સહુએ તુ જાણ;
મોહતણે મદ મોહીયો, મકરીસ પરતણી હાણ. ૨૫
દશ દ્રષ્ટાતેં દોહિલો, તે શ્રાવકનું કુલ લદ્ધ,
શીલવ્રત સાચો વહે, પાલે સમક્તિ સુદ્ધ. ૨૬
જરા ન આવે જાં લગે, પચેંદ્રી સમરથ્થ;
વ્યાધિ ન આવે દેહને, તા સાધે પરમથ્થ. ૨૭
ગણ્યા આઊખા દીહડા, જે ગ્યા તે નવ લંત;
એમ જાણી આદર સહિત, ધર્મ કરે દ્દઢ ચિત્ત. ૨૮
નરભવ ચિંતામણિ સમો, આલેં તું મમ હાર;
જિનશાસન મન થિર કરી, જીવ જતન સંભાર. ૨૯
ભોગ ભલા તે નર લહે, હરષેં જે દે દાન,
સમક્તિવિણ શિવપદ નહી, જેહ અનંત સુખઠામ. ૩૦
એ ઓગણત્રીણી ભાવના, શ્રી પાર્શ્વચંદ્રસૂરિ સુવિચાર;
(તેહનુ સુદ્ધ વિચાર)
જે મનમાહેં સમરસે, તે તરસ્યે સસાર ૩૧ ઇતિ.

अथ श्री संक्षेप आराधना.

(દુહા.)

પરમ પુરૂષ પય પ્રણમીએં, પરમાણંદ પ્રકાશ;
ભવજળ તારણ તરણિસમ, પૂરે વછિત આશ. ૧

પહેલું મુઝ જે ધર્મગુરૂ, પરમ પુરૂષ તે જાણુ;
જેણે પરમારથ દાખવ્યું, પ્રવચન વચન પ્રમાણુ. ૨
તિથ્થંકર વલી સીદ્ધ ભણી, આયરિયા ઉવઝાય;
સાધુ નાણુ દંસણ ચરણ, સાધક સુવિહિત રાય. ૩
કાળ અનાદિ અનંત લગેં, પરમ પુરૂષ એ પંચ,
તેહનાં પય ભવભય સરણ, મન ન કરૂ ખલખંચ ૪

ચોપાઇ.

ઉઠ અહો તિરિયલોય મઝાર, સાસયપડીમા શ્રુત અનુસાર;
ચિહું નામે જે જીનવર ભણિ, તેહું વંદુ ભક્તિયેં ઘણી. ૫
રિષભ અને ચંદ્રાનનદેવ, વારિસેણ પ્રભુ કિજે સેવ,
વર્ધમાન જીણવર વદીયે, હિયડે અહનિસી આણંદીયેં. ૬
બીજો જે યનુયોગદુવાર, તેહતણા છે ચાર પ્રકાર,
નામ ઠવણ દ્રવ્ય ને ભાવ, ચિહું ઉપર નિરતો એક ભાવ. ૭
આવે ભાવતો સો પ્રમાણ, નાવે તો સ્યુ કરૂં વખાણ;
ચિહું ભેદે વંદુ અરીહંત, અકલ અજય અનાદિ અનત. ૮
શત્રુંજય તીરથ ગિરનાર, અષ્ટાપદ વલિ ગીરી વૈભાર;
શિખરસમેત વીપુલગીરીંદ, તસુ સમરણ મુઝ મન આણંદ. ૯
ઇહાં હુઆ જે સીદ્ધ અનત, સયમ પાળી બહુ ગુણવત;
તેહનું અહનિસી સમરૂં નામ, કર જોડીને કરૂં પ્રણામ. ૧૦
નગર ગામ આગમ બહુ ઠામ, અસાસતિ પડીમા અભિરામ;
તે સવિ વંદુ મનની સુદ્ધ, આણી શ્રી અરિહંતની બુદ્ધ ૧૧
તેહ નીશંક સાચું જીન કહ્યો, એ પરમ અક્ષર મેં સદહ્યો;
ભાવસુધ એહજ દોહેલું, એહ થકી સહુએ સોહિલું. ૧૨
જીવ અનાદી ભમ્યો ભવ ભૂર, દંસણ નાણ ચરણ કરી દૂર;

કીધાં પાપ ઠાણુ જે બહુ, તે હું ખામું સ્વામી સહુ. ૧૩
હિંસા કુડ અદત્ત અબંભ, મેલ્યું પરિગ્રહ બહુ આરંભ,
ક્રોધ માન માયા ને લોભ, રાગ દોષ ને દિધી થોભ ૧૪
કર્યા કલહ બહુ દીધાં આલ, પીસુનપણું રતી અરતિ વીશાળ,
રસવસેં બોલ્યા પરપરીવાદ, માયા મૃષા મોહ ઉનમાદ. ૧૫
મિથ્યાસલ્ય અઢારહ પાપ, ભવ ભવ એહજ થયો સતાપ,
જનમ મરણુ કરી ચઉદહરાજ, પુર્યા કિપી ન સીધા કાજ ૧૬
જીવયોની ચઉરાસીલક્ષ, તે સહુએ કેવલી પ્રત્યક્ષ,
ઈણુ ભવ હણ્યા અનેરેં ભવે, સુગુરૂ સાખે તે ખામુ સવે ૧૭
જે કાંઇ કહીએં અધિકરણુ, આપે જનમ અનંતા મરણુ,
જન્મ જન્મ જે કીધા બહુ, વોસીરામી હવડા તે સહુ ૧૮
દંસણુ નાણુ ચરણુ જગ સાર, અવર ન કાંઇ ગુણુ ભંડાર,
વીરાધના તેહની નિંદીયે, આરાધ્યા તે અનુમોદીયે ૧૯
આલોયણુ નીંદણુ ગરહણા, ખામણુ અણુસણુ ભવભાવણા,
એહજ મુજનેં આરાધના, પરમારથ સીવસુખ સાધના ૨૦
ચ્યાર સરણુ દુકૃત ગરહણા, સુકૃત કર્યાની અનુમોયણા,
સંબલ સખા એહ આધાર, આપો મુજને ભવનો પાર. ૨૧
અંતકાલેં વિસ્તાર નહુ થાય, જેણું એતલડો કહેવાય,
પાર્શ્વચંદ્રસૂરિ આનંદે કહે, આરાધક તે શિવ સુખ લહે ૨૨
ઇતિ.

॥ अथ श्री आदिजिन वीनती ॥

સકલ આદિજીણુંદ જુહારીયેં, વિકટ સંકટ કોડિ વિડારિયેં;
કરૂં વિનતડી તે વિચારીયેં, ત્રિજગનાથ હિયેં અવધારિયેં. ૧
પ્રભુ અનાદિ નિગોદેં હું ભમ્યો, નિફલ કાલ અનંતો નિર્ગમ્યો;

મરણ જન્મતણાં દુખ જે સહ્યા, તે કિમ સ્વામી જાય મેં કહ્યાં.
એક ઉસાસીએ કર્મે પ્રેરીયો, સત્તર સાઢ ભવંતર ફેરિયો;
કહું વાત કિસી તેહ પારની, ચઢયો રાસી પછિ વ્યવહારની. ૩
વસ્યો જાતિયેં થાવરકાયની, લહીય ભેટ નહી જિનરાયની;
તિહાં કાલ અસખ અનંતની, તનુતણી સ્થિતિ બોલી જીવની.૪
તિહ અસખ ઉસપ્પિણી સપ્પિણી,ધર દગાગણી પવણ ચિંહુ તણી;
વણ અનંત ઉસપ્પિણી જાણિયે, ઇમ અસંખ અનંત વખાણિયે.૫
બિતિ ચઉરિંદ્રિય માહે ભમાવીયો, નવનવી પરકર્મિ નચાવિયો;
જલ થલંબરચારી ભુજેરંગેં, વસ્યા ભૂરી રસ્યો ઉન્મારગેં. ૬
કરિય પાપ ઘણા નરકે ગયો, નરકપાલ વસેં દુખિયો થયો,
બહુઅ તજ્જણ તાડણ ભેદના, સહિય સસહિ દુસહવેદના. ૭
અતિ કઠોર કુભાષા સાંભલી, શ્રવણ ઇદ્રિ થઇ ભય ભભલી:
પડયે પરવસે એમ વિમાસીએ,તિહશી નકોઇ નહી જીહા નાસીયેં.૮
નદિય વૈતરણી જલે તારિયો, કરી મહા ખુરધારે વિદારિયો;
સુખ ગિણિ તરણી તડિ જઇ ચઢયો,વિષમ તીખે ખીલેતો ખલ્યો.૯
અતિ મહા ઘન તાવિયેં તાવિયો, વન સુશીતલ જાણી આવિયો;
પવન પ્રાણી પડંતે પાનડે, થઇય ખડિત અંગ ઝડી ખડે. ૧૦
વિષમ સંકડ કુભી પાચવ્યો, વલી પુરાકૃત ભાખી ત્રાજવ્યો;
તૃષિતને ત્રપુતાતોપાવિયો, નિજ બુભુક્ષિત માસ ખવાવિયો.૧૧
મન વિમાસી વાસિ છેદીઓ, નિશિત મૂલીએ શુલિએ ભેદિયો;
કરી કુહાડે તરૂ જિમ તચ્છિદયો,અજિન છેદિય વિવિધ વિકચ્છિઓ.
બિડિશ જાલિયે પાસે પાડિયો, સુણગ ચિત્રે મૃગ જીમ તાડિયો;
સુદઢયંત્ર તિલ જિમ પીલિયો,કોઇ ન છોડે થાય શીલીઓ.૧૩
નરક દુખ ઘણા ઇણુ પરેં સહી,બહુ ભવાતરે સુરગતિ પણ લહી;

ભવણુને વાણુ જોઇ વેમાણિયા, એહજ ભેદ જિનાગમે જાણિયા.
તિહાં કિબ્વિસ પરમાહમ્મિયા, વિણુ તુમ્હારીઆણુ અહમ્મિયા;
થઇય કમ્મ ઘણો મે સંચિઓ,અવસિ આપે આપુણુ વંચિયો.૧૫
અભિ નિયોગી વાહણુ સુરતણુ, પ્રભુ લહ્યું મેં ઇમ પરવશપણું;
સુરભવે વલિ દેવીપણે થયો, પરવહાર વિડબી વિડંબિયો. ૧૬
જો કિમે પ્રભુ પાસે આવિયો, તો કુતૂહલ ભાવે ભાવિયો,
પરમ તત્ત્વ સુધારસ નહુ ગમ્યો, સુણિય વાણી રાગ રસેં રમ્યો.૧૭

॥ वस्तु ॥

ઇમ ચતુર્ગતી ઈમ ચતુર્ગતી ભમ્યો સંસાર,
કર્મ્મ વશે હું રઢવડચો નાહ તુમ્હ આણુ વિહૂણો;
ગિરિ સરી ટોલ તણીપરે ઘસી ઘસી થયો કમ્મ ખીણો;
ઇણિ કારણે વલિ વલિ લહી, સાણુસનો ભવસાર,
પડત ચઢત ગતિ સંગતે થયો અનંતીવાર. ૧૮

॥ ढाल ॥

કહો મીત્ર મારા શુ કરીએ રે, હવે કોણી મગાડગ ભરી યે (એ રાગ)
દુલ્લહ નરભવ પામીરે, નહુ નમીઓ ત્રિભૂવન સ્વામી,
વિણુ સમકિત તો ભવ હાર્યોરે, પિંડ પાપ પરાભવે ભાર્યો. ૧૯
મન મોહ મિથ્યાત્વે મોહ્યોરે, શુદ્ધ સમકિત રયણુ વિછોહ્યો,
તો કુગુરૂ કુદેવે લીણોરે, તસુ સેવા કરત ન રીણો. ૨૦
જે હાથે ધરે હથિયારરે, જસુ સંગે રમણી પરિવાર,
જે રાગે દોષે સાધ્યારે, ઈસ્યા દેવભણી આરાધ્યા. ૨૧
તને ગોપીચંદનના ટીલાંરે, મુખે હરીહર નામે ન ઢીલા,

ગલે પેહેરીય તુલસી માલારે, ગયા તીરથ જાવે પાલા. ૨૨
નદી ગંગ પ્રયાગ કેદારેરે, વલિ પુષ્કરને હરિદ્વારે,
ગોમતિય પ્રમુખ નાહ્યોરે, વલિ વલિય વલિ ઉમાહ્યો ૨૩
બહુપર્વિ હિંચોલે હિંચ્યોરે, વડ પીંપલ તુલસી સિંચ્યા,
સર વાપી કુપ ખણાવ્યારે, ઘેર બંભણ વેદ ભણાવ્યા. ૨૪
મેં શ્રાદ્ધ સંવત્સર કીધારે, પર્વેપિતરભણી પિંડ દીધા,
જગે યોગી બ્રહ્મ સન્યાસીરે, ગુરૂ જાણી નમી મઠવાસી. ૨૫
ઇમ લૌકિક મારગે વહેતેરે, પરમાતમ તત્વ અલહેતે,
નર અમરતણી ગતી લાધીરે, પુણ જિણવર આણ વિરાધી. ૨૬
જિન તણિય ક્રિયાને પ્રાણીયેરે, ગયો નવમ ગ્રૈવેક વિમાણીયે,
જોવું તો યન સમકિત સાધુંરે, કહો મુક્તિ કિસિપરે સાધું. ૨૭
બહુ ગર્ભતણા દુખ સહિયારે, જે નરક તણા કહિયા.
નવમાસ અધિક તિહાં વસિયોરે, પ્રભુ નામ હિયે નહું વસિયો.
અહુઠ કોડિ (સાડાત્રણ ક્રોડ) સુઇ લીધીરે ધમી અગ્નિ વર્ણિ તે કીધી;
રોમે રોમે નરને અંગેરે, કોઇ ચાંપે કોપ પ્રસંગે ૨૯
જેહવો તે વેદન થાયરે, ગર્ભે આઠગુણી કહેવાય,
કોડાકોડી ગુણી તે ભાખીરે, જીવ જન્મ જીન સાખી. ૩૦
દુખ ભોગવી નરભવે આવ્યોરે, માઇ થાને વૃદ્ધિ લહાવ્યો,
ક્રીડા રસ રંગેં રાતોરે, ભમ્યો અરઓ પરઓજાતો. ૩૧
તિહા કાંઇય વિવેક ન આણ્યોરે, મને હેય અહેય ન જાણ્યો;
ઇમ બાલપણું અતિ ક્રમ્યોરે, હવે યોવન વય સંક્રમિયો. ૩૭

वस्तु.

લહિય નરગતી લહિય નરગતી, પઢમ બહુ દુખ ગર્ભવાસમેં ભોગવ્યા,
અસૂચિ ઠામે મિલિ કર્મ્મ ગ્રહિયો,બ ર વરસ ભવસ્થિતિ ગુરૂકાય
થિતિએ ચઉવીશ રહિયો.
લહિય જનમ નવનવિયપરેં બાલકલામે કીધ,
ભોલપણે ખનુક્રમ દશા ચોયન વયની લીધ 33

ચોપાઇ.

ચોવન ધન વન ગહન સમાન, વાધ્યું અંધકાર અજ્ઞાન,
ગુરૂ રવિકર નહુ જીહા, મનમથ ભીલપાલ છે તિહા. 3૪
રમણી નયણ બાણ સપરાણ, તતક્ષીણ હરે શીલગુણ પ્રાણ,
ક્રોધ દાવાનલ જિહા પરજલે, માણસેલ મદ્દવ ગતી ખલે 3૫
માયા વિષ તરૂ છાયા જીસી, પડસે ગહલિજ તિહા બેસસી;
તૃષ્ણા નદીય પહુટ ભરપૂર, ઉન્મૂલી તરૂ નાખિ દૂર. 3૬
મન તટ વસે સત સતોષ, તપ ગ્રીષમ તે પામે શોષ,
વિષય ચોર રસવાટે વસે, સંયમ ધન લેવા ધસમસે 3૭
રંગ કુરંગ ફિરે અતિ ઘણા, સુખ દુખ સરસ તે તૃણા,
ઇણ વન વાસ કર્યો કોઇ કાલ,હણ્યા પ્રાણ મુખે બોલ્યા આલ 3૮
કુડ લેખ પરવચન દ્રોહ, કીધા મમતા માયા લોહ,
ઉસીસીને અંતર કાણિ, લડ કત્રહકકરી કીધી વાણ. 3૯
ઇમ પ્રપચ મે પરધન લીધ, પરરમણીશું સંગમ કીધ,
વ ને કુવચન બોલ્યા ઘણા, મને ચિંતવિયા વિષય રસતણા.૪૦
જે ઉપાય તે કહેતા લાજ, તે જાણે સહુએ જિનરાજ,

નવ વિહ પરિગ્રહ ગહ ધન ધન્ન, ક્ષેત્ર હાટ ગર રૂપ સુવન્ન ૪૧
કુવિય દુપય ચઉપય એતલા, પુણ મેલ્યા છે હિપુણ નહી ભલા;
મરણતણે અવસરે સવિ રહે, પાછલ જીવ દુખ એકલો સહે.૪૨

ઇસો ભાવ હિયડે નહું વસ્યો, ધન કારણ ધાયો ધમમસ્યો;
પાવઠાણ કરસણ મેં કર્યા, કર્મ્મદાન પન્નર આચર્યા. ૪૩

અણગલ જલે ઝીલ્યો બહુવાર, હિચ્યો ખેલ્યો ન લહું પાર,
ઇમ લાગા બહુ અનરથદંડ, ઇણિપરે કીધા કર્મ્મપ્રચડ. ૪૪

આવ્યો ઉદે મજ્જ શુભ કર્મ્મ, જાણ્યુ કીજે કાંઇ ધર્મ્મ;
નામ માત્ર જે જે ગુરૂ મિલ્યો, પાસે ગચ્છ તિણિ તિણ સંકલ્યો.

સાચા ન કહ્યા દેવ ગુરૂ ધર્મ્મ, શુદ્ધ ન જાણ્યો જિનમત મર્મ્મ;
અંધ પરપર પડયો પ્રવાહિ, વહત પડયો ભવસાયરમાહિ. ૪૬

પરિતિરથે જે છે આચાર, તેહજ કર્યા ધર્મ્મ વ્યાપાર;
કેવલ અતર એક નામનો, બીજો તેહિજ ઠામઠામનો. ૪૭

પ્રભુ મે ચિંત્યો ચિત્ત આપણે, પર શાસન હિંસા ધર્મ ભણે;
જિન શાસને પુણ જે ઇમ હોય, જૈન શૈવ અતર નહુ કોય ૪૮

કરમ યોગે ગીતારથ મિલ્યો, ટલ્યો દુરિત મન વાંછિત ફલ્યો;
તાસુ વચને શુભ મતિ મન વસી, પ્રવચન કસવટી જોવું કસી ૪૯

આરભ તે ન હવે ધર્મ્મ, જિણવર આણ તણો એ મર્મ્મ;
ધર્મ્મ અને જૂઓ આરભ, ઇમ નિર્મ્મલ મતિ થઇય સુલભ.૫૦

હિવ જિન શિવ અતર જાણિયો, ગાઢો ટાઢો થયો પ્રાણિયો;
સ્વામીનો પામ્યો ઉપદેશ, જિહા નહી હિંસાનો લેશ ૫૧

રિસહ જિણેશર હવે વિનવું, તુમ્હ પ્રસાદે હરખ નવનવુ,
પામ્યો પ્રવહણ એ અવધાર, કૃપા કરી મુજ પાર ઉતાર. ૫૨

નહું જાણું ભવ થિતિ કેટલી, પ્રભુ તુમ્હિં જાણો છો જેટલી;
જ્યાં લગેં શિવપદ ન લહું દેવ,ત્યાં લગે ભવ ભવ તુમ્હપયસેવ
ઇણિ કારણ પ્રભુપાયે લાગીએ, અવર કિપિ મેં નહુ માગીયે,
તુમ્હ પ્રસાદ હુએ પરમાણંદ, કર જોડી પ્રણમે પાર્શ્વચંદ્ર સૂરિંદ.

વસ્તુ-રિસહ જિણવર રિસહ જિણવર દેવ અવધાર,
નિજ સેવક વિનતી ઘણો કાલ ભમ્યો રીણો,
સઘળ છાંહ ફલભર ભરિય તરૂ સમાણ તુમ્હ જિણ આણ લીણો.
તાપ સમ્યો ટઢિમ થઇ, તિમ કરી હિમ એ સંગ,
પ્રભુ પ્રસાદે જિમ સંપજે, ભવે ભવે આવિહડ રંગ   ૫૫

ઇતિ શ્રી આદિશ્વર વિનતિ.

संवेग बत्रीसी.

દોહરો-જોઇ વિમાસી જીવડા, આ સંસાર સ્વરૂપ,
કૃતૃમ રંગ પતગ જિમ, તન યોવન ધન રૂપ   ૧

સ્વારથ લગ સગપણ સહુ, પુત્ર સહોદર માય,
પિતા બહેન ઘરણી વહુ, સાથેં કોઇ ન થાય.   ૨

કર્મ્મ વશેં તું એકલો, આવ્યો તિમ જાએશ;
ભમિયો પ્રાણિ બહુ ભવેં, ત્રિભુવનેં નવનવે વેશ.   ૩

બે તુજ સાથ સખાઇયા, પુણ્ય પાપ સંભાળ,
અવર તે હરિમેખળ સરિસ, જીવ મ પડ જંજાળ.   ૪

ઘણુ વેલૂકણુ પીલતાં, તેલ કેમ પામેશ;
સ્વર્ગ સફળ તરૂવર તણી, ડાળી કિમ નામેશ. ૫
વાએં કપ્પડ કોથાળો, ચાંપી કેમ ભરેશ,
ભાંગી નાવેં અગાધ જળ, કહેને કેમ તરેશ ? ૬
જીવનજી મૃગતૃષ્ણકા, જળ તૃષ કિમ જીપેશ;
ભુખ્યો કિમ મનમોદકેં, ધાપી વપુ દીપેશ. ૭
દીઠે સુહણે રાતનેં, કેણીપેરે બેસીશ રાજ;
જળ વિણુ કણુ જિમ નીપજે, કેવળ વીજલ ગાજ. ૮
તપ સંયમ પૂરવ ભવે, પૂરા તપ્યા ન ભૂર,
કહે કિમ મન વાંછિત લહિશ, હવે તું હિયા મઝૂર. ૯

(देशी चोपाइनी)

રે જીવ ધીરપણો મન આણ, કાયરપણ કીધે બહુ હાણ;
ઇંણુ કારણ ધીરમ ધુર ધરો, ધોરી જિમ દુત્તર ઉતરો. ૧
ધીરમ કાયર જિમ અંતરો, પરતખ દેખ મ કર પાંતરો;
ગૃહમૃગ કુંજર ભોજન જોય, લેતાં એવડો અંતર હોય. ૨
ઇસો જાણીઃ ધીરમ મન ધરે, વળિ વૈરાગ ખરો આદરે;
સમર સમર એક ચિત અરિહંત, રાગ દોષ ગંજન ગુણવંત ૩
કૂડો નેહ કુટંબહ તણો, ઇણુ કીધે સ્વારથ આપણો,
વિણુશે ઇહાં નહિ સંદેહ, ઉદાહરણ ચિત ચિંતવિ એહ. ૪
પચ્છિમ રયણી મોટે સાદ, પભણે ગોરસ નેહ પ્રસાદ,
મથિયેં હિયો સદા માહરો, તિણિ તુમ્હે નેહ દુર પરિહરો ૫
જયાં સ્વારથ ત્યાં જતન કરંત, ભય જોખમ તેહની ટાલંત;
કહે દહિનેં તિણે વિણુ મહી, જાણી અધિક વળિ રેડે દહીં.૬
તિલ શરસવદાણા એરંડ, અળસિ કરડિ પીંગણુ પ્રચંડ;

યંત્ર તણો તે બહુ દુખ સહે, નેહ પ્રસાદે કવિયણ કહે. ૭
નેહ રહિત તેહનો ખળ નામ, પરઠી ટાળે ગુણનો ઠામ,
ચાચર ચોવટે પડી મજીઠ, પગઠેલંતિ લોકે દીઠ. ૮
રાગ વશે જિણ બહુ દુખ સહ્યા, અવસાણે એવાં ફળ લહ્યાં;
બાકસ કરિને નાખી દૂર, જન જોવે ઉગમતે સૂર ૯
જિણ છે લોક ઇસા સ્વારથી, કોઈ કેહનો વ્હાલો નથી;
નેહ રાગ ઇમ ગણિ ટાળિયે, સુગુરૂ વચન મન સંભાળિયે. ૧૦
યાદવ હુવા છપ્પન કુળકોડ, વારવતિ નગરી ધનકોડ,
રાજા કૃષ્ણ નહી કંઇ ખોડ, સેવ કરે જસુ સુર નર કોડ. ૧૧
ભાઈ બળિભદ્ર છે તેહનેં, હળ ને મૂસળ શસ્ત્ર જેહને;
તેહને પણ આવી આપદા, મ કરો ગર્વ લહી સંપદા. ૧૨
વારવતી નગરીનેં દાહ, બે બાધવ આવ્યા વન માહ,
બળભદ્ર ગયો જળ લેવા કાજ, બાણે હણ્યો યાદવકુળ રાજ ૧૩
નેહેં ન જાણ્યો હરિનો કાળ, ખંધ ઉપાડી કેઇ કાળ,
ઘણો મનાવ્યો રૂઠો ગણી, વિલવૈ વળિવળિ હરિગુણ ભણી ૧૪
સ્વામિ ષટખંડ પૃથ્વિ તણો, સગર નામ જસ જગજશ ઘણો,
સાઠ સહસ બેટા જેહને, જુગવેં કાળિ હુવે તેહને. ૧૫
કઠિન હિયો જો સુર ન કરત, હિયડો સતધા ફાટવિજંત,
પુત્રવિરહે સિજ્જંભવસૂર, ચૌદ પૂરવધર ગુણમણિ ભૂર. ૧૬
તાસુ નેત્ર પુણ આસુ ઢળ્યા, ઉત્તમ નર સુત મોહં કળ્યા,
અવર લોકનો કહેવો કિસો ! ઉત્તમ પુરૂષે કીધો જિસો. ૧૭
તે હવે આદર કરી સાભળો, મનનો ટાળિ કળિકળમળો,
સગરરાય ભળદેવ પ્રમુખ, નેહથકી જાણી બહુ દુખ. ૧૮
એ સંસાર અસુખ ભંડાર, ઈહાં અવર નહીં કાઇ સાર;

એક ધરમ વિણુ તારક કોય, જાણ્યો નહી આદરિયેં સોય. ૧૯

ઇસ્યો જાણી ચારિત્ર આદરી, શુદ્ધપાળિ શિવરમણી વરી,
વરશે ઇમ વળિ કરશે જેહ, નિશ્ચે સુખિયા થાશે તેહ. ૨૦

ઇમ સાંભળ શ્રાવક શિવરાજ, મોહન લહિયે શિવનો રાજ,
કેહનો ધન કેહનો પરિવાર, એ સવિ લહ્યા અનંતી વાર. ૨૧

હવે સાચી સદ્દહણા લહી, એહ સરિસ જગ બીજી નહીં,
પરખી લીધો છે એહ ઘણો, તેહનો વાર વાર શું ભણો. ૨૨

ધરી સંવેગ ઉદાસી ધરો, અપૂર્વ કરણી કોઇ સંગ્રહો,
આણંદની પેરે પરમાણંદ, પામો જિમ પભણે **પાસચંદ**. ૨૩

ઇતિ સંવેગ બત્રીશી.

श्री पार्श्वचंद्र सूरीश्वर विरचित.

आराधना प्रकरण

ઢાળ ચોપાઇની.

શ્રી જિન સરણુ યુગલ પ્રણમેસુ, સુગુરૂ નામ હિયડે સમરેસુ;
કહિશ સખેપે આરાધના, ભવિક જીવ શિવ સુખ સાધના. ૧
ઉત્તમ નર જે કરે ત્રિકાલ, એ આરાધના ગુણ સુવિશાળ,
વિનય સહિત મેલી કર ભાળ, છલી ન શકકે તેને કાલ. ૨
જીવિતવ્યની મ કરિશ આશ, સાસ તણો કેવો વિશ્વાસ;
ખિણ ખિણ આવે ખિણ ખિણ જાય, યત્ન કરતા નહુથિર થાય. ૩
જમ્મણ[1] મરણ અનંતીવાર, કીધાં કાઇ ન આવ્યો પાર;
આરાધના સૂધી નહુ કરી, તિણ નહુ પામી નિર્વૃતિ પુરી. ૪
દુલ્લહ[2]લહિ માણુસભવ સાર, ઉત્તમ શ્રાવક કુલ અવતાર,
શ્રીજિન ધર્મ સુગુરૂમુખ સુણ્યા, તથી અવિરતપણું અવગણ્યું. ૫
વિરતપણાનું એહ પ્રમાણ, મરણ સાધિ સાધું અવસાણ;
એટલે કીધે સફલું સહુ, એહ અધિક શું કહિયે બહુ. ૬
ઇમ ચિંતવિ આરાધના કરૂં, સુગુરૂ વચન નિજ હિયડે ધરૂં;
પેલી કરિયે સંલેહણા, ચિહું[3] કષાયની પડિસેહણા[4]. ૭
બાર વર્ષ ઉત્કટ તપ કરે, ઇંદ્રિય પંચ વિષય સંવરે;
શોણિતમાંસતણો[5] હોય શોષ, ઇમ કરતાં પણ ન ટલે રોષ. ૮
તો એ તપ સહુએ અપ્રમાણ, અંગુલિ ભંગ તણે અહિનાણ,
ઇણ કારણ ટાળિયે કષાય, ભાવત[6] આરાધન ઇમ થાય. ૯

---

૧ જન્મ ૨ દુર્લભ, ૩ ચાર, ૪ નિવારનારો, ૫ લોહીમાસ. ૬ ભાલથી.

દ્રવ્ય[1] વાર અનંતી કીધ, શિવપદ પ્રાપ્તિ કાજ ન સીધ;
બાલ મરણ નિશ્ચય વ્યવહાર, કરત ન પામે ભવજળપાર, ૧૦
દ્રવ્યત્ત સંલેખણા કિવાર, ન હુઇ તો કરવી ભાવત સાર;
પંડિત મરણ એણિપરે હોય, નાગિલશ્રાવકની ગતિ જોય. ૧૧
બાહિરસંલેખના શરીર, તે કિહિણી હુઇ મુનિવર ધીર,
ગૃહીપણે કિમ તે મે થાય, વ્યવહારે હુઇ તેજ કહાય, ૧૨
પેલું ઇરિયાવહિ ઉચ્ચરૂં, વ્યવહારે અભ્યંતર કરૂં;
જન્મ લગે જે હુઆ કષાય, તેહ ખમાવું લાગી પાય. ૧૩
ચોરાસીલખ યોનિ મઝાર, જીવ જિ દૂહવિયા સંસાર;
ત્રિવિધે તેહ ખમાવું સહી, મુજને વેર કેહસું નહિ. ૧૪
હવે ગુરૂગીતારથની સાખ, જિનવર વચન શુદ્ધ મન રાખ;
આલોવું જે લાગ્યાં પાપ, તે મન જાણે આપેઆપ. ૧૫
નિયાણુ માયા ને મિથ્યાત, શલ્ય કરે તપસંયમઘાત;
તે નિઃશલ્ય થઇ ખામિયે, ગુરૂપદ યુગલ શીશ નામિયે. ૧૬
દંસણ નાણ ચરણ તપ બાર, વીરિય પચમના આચાર;
અતિક્રમ વ્યતિક્રમ ને અતિચાર, તે આલોવું કરી વિચાર. ૧૭
હણ્યા પ્રાણ મુખ બોલ્યા આલ, પરધન પરરમણી બહુ ઢાલ;
પરિગ્રહ કારણ કીધા દ્રોહ, પર વચ્યા કીધો બહુ લોહ. ૧૮
ગુપ્ત પ્રગટ લાગા અપરાધ, જેથી ગતિ હુઇ અતિ અગાધ;
વીસરયા ભણિ જે ન શકું ભાખિ, તે આલોવું અરિહંત સાખિ. ૧૯

(दुहा.)

પાપ પડિક્કમી પડિવજું, સુગુરૂ દત્ત પચ્છિત્ત;
એણે જલે પખાલિ મલ, કરસુ નિર્મલ ચિત્ત. ૨૦

---

૧ દ્રવ્યથી

વિણુઆલોયણ પ્રાણિયો, ન લહે ધર્મ સુચંગ,
પાસપખે[1] મંજીઠનો, કહો કિમ લાગે રંગ ૨૧
ફળ સુભૂમિ જિમ કેવટી,[2] આપે વાવ્યું બીજ,
તિમ સૂધી આલોવણે, સમકિત સફળ સહીજ ૨૨
ઇણકારણ આલોઈ કરી, અજવાળુ સમકિત,
શુદ્ધ દેવ ગુરૂ ધર્મ તસુ, એહજ ત્રણે તત્ત[3] ૨૩

(ढाळ रामनी.)

દોષ અઢારે રહિત જાસ ઇંદ્રાદિક દેવ,
સહુ મિલી મન કરી રળી નર સારે સેવ,
તેજ દેવ અરિહંત તાસુ નિક્ષેપા ચાર,
નામ ઠવણ દ્રવ્યભાવ ભણ્યા અનુયોગદ્વાર ૨૪
નામે ઠવણે દ્રવ્યભાવે નિજ ભાવ પ્રમાણ,
તિણ વિણ ચારે અપ્રમાણ ઇમ પભણે જાણ,
ચિહુ પ્રકારે ઇમ દેવ મુજ્જ ગુણગણનો ઠામ,
મને ધ્યાવુ વચને થુણુ તને કરૂ પ્રમાણ ૨૫
ચોત્રિશ અતિસય પાડિહેર[4] આઠ સંજુત્ત,
ભાષાગુણ પાત્રીશ શુદ્ધ સુપવિત્ર ચરિત્ર,
ભવસમુદ્ર તારક ભણી એ વિણ નહિ કોઇ,
જગ છે દેવ અનેક વિવિધ ઇણ સરિસ[5] ન હોઇ. ૨૬
પંચ મહાવ્રત નિરતિચાર સૂધા જે પાળે,
ચઉ કષાય ભય સત્ત અઠ્ઠમય દૂરે ટાલે,
નવવિધ બંભ દુલંભ દંભ પરિહરિ જે ધારે,

---

૧ લોભ ૨ પાસ વગર સુધારી થકી ૩ તત્ત્વ ૪ પ્રાતિહાર્ય ૫ એ સરખો.

સમિતિએ સમિતા ગુપ્તિગુપ્ત આપણુપર તારે. ૨૭
પ્રાણાંતે પણ જેહ ધીર સાવધ ન બોલે,
ડોલાવ્યા સુરવરે ત્રિવિધ પણ કિમે ન ડોલે;
તે ગુરૂ આ ગુરૂ ધર્મરથે સારથિસમ તોલે,
નિવિડ નિકાચિત કર્મગંઠિ તે તતખણુ ખોલે ૨૮
પરિગ્રહ ને આરંભ ઠામ જે બેવઇ છંડી,
ઉગ્ર વિહારે નવય કલ્પસું સગતિ મંડી;
ધર્મ થાપિ ઉથાપિ અધર્મ પડિબોહે સીસ[1],
મિશ્રપક્ષ જે મિશ્ર રહે શ્રુતબળે નિશદીસ. ૨૯
વીરચરિત્ર બીજે ઉવંગે વળિ બીજે અંગે,
પઢમખંધ ઇગ્યારસમે અધ્યયન સુચ ગે,
તસુ અનુસારે ગ્રામનગર જિનધર્મ પ્રકાશે,
ધન ધન ધામિયર[2] ભવિક જીવના ચિત્ત ઉલ્હાસે. ૩૦
આપ સરીખી રિષિવરેંદ્ર રાખે છક્કાય,
મને વચને તને ત્રિવિધ કરી જિમ બાળક માય,
મમતા ન કરે નિજ શરીર સમતા પરિણામે,
આસાપાસ તજી ઉદાસ વાસો જિનનામે. ૩૧
અશરણુ શરણુ અનાથનાથ જગ નિરહંકાર,
મન લાગો સંવેગ રંગ ગણિ અથિર સંસાર,
ગિરિકંદર તરૂમૂલ ગહન વન રહે સુસાણે
અખય નિરંજન ધ્યાનલીન શિવપદ અવસાણે. ૩૨
સહે પરીષહ દુસહ વીસ દોય ખંતિનિધાન,
જપ તપ સંયમ ઉગ્ર કરે પરિહરી નિદાન,

---

૧ શિષ્ય ૨ ધાર્મિક

ઐરવતે ભરતે વિદેહ એવા ગુરૂ જાણું,
સાધે દસણનાણ ચરણ તે સાધુ વખાણું. ૩૩
કેવળિ ભાષિત શુદ્ધ ધર્મ કરૂણામય ચંગ,
દયા દયા મુખ સહુ ભણે મત મત એ રંગ,
ધર્મહેત[1] આરંભ જેહ તે ભાખે ધર્મ,
ન્હાણ યાગ દવદાન હોમ અહિઘાત ન કર્મ ૩૪
ઇણિપરે પુઢવી–અબુ–અગણિ–વણ–પત્રણારંભ,
કુડ વયણ ભાષણ અદત્ત મેહુણ[2] સંરંભ,
પરિગ્રહ એ આશ્રવ અસાર પંચે શ્રુત બોલ્યા,
દુર્ગતિ સાધન ધર્મ કહી સંવરસમ તોલ્યા. ૩૫
ઇમ કહતાં જિનવર ભણુતિ એ કિરિયાવાદી,
મિથ્યા દૃષ્ટિ ધૃષ્ઠપણે દીસેજિ[3] વિવાદિ;
એક ભણે જયા ધર્મ કાજ આરંભજ લાગે,
એકાતે તે પાપ જાણ જસ મતિ ઇમ જાગે. ૩૬
અક્રિયવાદી તેહ સુણ્યા પ્રવચન મિથ્યાતી,
હિંસા કરૂણા ઇમ વિચારિ સમકિત ગુણ ઘાતી;
કેવળિ ભાષિત એહ દયામય ધર્મ ન જાણે,
આપાપણે અજાણપણે ભલા વચન વખાણે. ૩૭
જિનમત નાયક વીતરાગ ઇમ ભાખે ધર્મ,
આરંભે આરંભ ધર્મે ધર્મ ઇમ સમકિત મર્મ;
જયા ભેલો હોય ધર્મ તિહાં ન કહે આરંભ,
તેજ ન જાણે ધર્મ જેહ તસ ધર્મ સુલંભ. ૩૮
જિનમત શિવમત દેવગુરૂનો દીશે અંતર,

---

૧ ધર્મના હેતે ૨ મૈથુન. ૩ જે.

બહુલો તેમજ ધર્મ તણો જાણિયે પટતર;
જૂઆ ગણિયે તોજ સહિ નહિતો સહુ એક,
ઇણ કારણ ભો ભવિય કરો ધર્મે સુવિવેક. ૩૯
હિંસા ધર્મ ન હોય સહી કરૂણા ધર્મ હિંસા,
જિન ભાષિત ઇમ કહત હોઇ જિન સાસન ખિસા;
મિશ્રમર્મ ઓલખી ગણો દયા ધર્મજ સાચો,
ઇણ જામલિ[1] નહુ અવર ધર્મ ઇમ ગણિ ઇહ રાચો. ૪૦
સુગુરૂવાણિ ઇમ શ્રવણ સુણી જાણ્યું સમકિત,
એ પામ્યું હિવ સુગુરૂસાખિ થાસ્યું ઇકચિત્ત;
ભવભવ એહજ મુજઝ દેવ એહજ ગુરૂ હોજયો,
એજ ધર્મ વીનતી એહ પ્રભુ સફળ કરેજયો. ૪૧

(दूहा.)

હિવ અણુવ્રત પંચે કહું, શ્રાવક ગુણવ્રત તિન્નિ,[2]
શિક્ષા વ્રત ચારે મિલી, બારહ સમરૂં મન્નિ.[3] ૪૨
સર્વત પાલે સંયતી, મહવય[4] તેણે કહાય;
દેશથકી પાલે ગૃહી, પચ અણુવ્રત થાય. ૪૩
ગુણવ્રત એને ગુણ કરે, શિક્ષા ઇતરકાલ,[5]
પ્રાણી સંબળ પરભવે, બારહ વ્રત સંભાલ. ૪૪

---

૧ એના સરખો ૨ ત્રણ, ૩ મનમા ૪ મહાવ્રત ૫ થોડા કાળ.

(ઢાળ ત્રીજી)

શ્રી સીધારથ ફૂળતીલોએ (એ રાગ.)

નિરપરાધ જે થુલ, સંકલ્પી નિર્દય પણે એ;
આણી વ્રત દયા મૂળ, પેલે પ્રાણુ તે નવિ હણું એ,
થૂળ મૃષા પરિહાર, થૂલ અદત નિવારિયે એ;
નિર્મળ શીળ વિચાર, પરિગ્રહનિરતિ[1] તે પંચમે એ. ૪૫

છઠ્ઠે દિસિનું માન, સપ્તમ વ્રત હિવ ચિંતવુ એ;
ભોજન કર્મ નિદાન, ભોગુત્રભોગ સંખેવિએ એ,
અષ્ટમ અનરથ દંડ, ચિહું પ્રકારે મેં ટાળિએ એ,
સમતાભાવ અખંડ, નવમે સામાઇકક પાલિયેએ. ૪૬

દશમે ચઉદે નીમ, દિવસ નિશા પ્રતિ ઉચ્ચરૂં એ,
વલિ વિશેષ દિસિસીમ, સંખેપી હિયડે ધરૂં એ;
પોસહ ચિહું પ્રકાર, આહારાદિક આદરીએ,
પર્વે તસ અતિચાર, ટાળું પાળું સમસિરી[2] એ ૪૭.

પાત્રે શુદ્ધ આહાર, દીજે અવસર ઓલખીએ,
બારમ વ્રત એ સાર, સંવિભાગ આગમ લિખી એ,
ઇસીપરે વ્રત બાર, સુગુરૂસાખ મે આદરી એ,
જાવ જીવ આધાર, ભવજળ એ ગણી એ. ૪૮.

ચારિત્ર ન શકું પાલિ, શરપણું નહુ તેહવું એ,
અવિરતિસરવરપાળિ,[3], એ મે મંડી તિણ ભણીએ,
પાવઠાણ અઢાર, તેહ હવે વોસરાવસુ એ,
જીવને એહજ ભાર, ટાળી હલઓ થાઈસુ એ. ૪૯.

---

૧ પરિગ્રહ ૨ સમશ્રી–સણતા ૩ અવિરતિરૂપ–તળાવની પાળ.

હિંસા મૃષા અદત્ત, મેહુણુ પરિગ્રહ કોહ[1] મય[2] એ;
માયા લોભ સુચત્ત,[3] રાગ દોસ કળિ પરિહરી એ,
અભખાણુ બહુ દોષ, અરઈ રઈ તહ[4] પિશુનપણું એ,
પરપરિવાય[5] મોસ[6], માયા સહિત એ પાવ[7] ઘણું એ. ૫૦.
મિથ્યા શલ્ય અઢાર, પાવ ઠાણુ એ વોસરી એ,
કિમ લહિયે ભવપાર, જો એહસુ સંગતિ કરી એ;
ભમ્યો અનંતી વાર, ભવ ભવ ચઉ ગઇ દુહ સહી એ,
કિણું ન કીધી સાર, શ્રી જિનવર આણા રહિય એ. ૫૧.
હિવ માનવભર સાર, કર્મયોગે મે પામિયો એ,
સૂધો સમકિત સાર, સીસ [8]સુગુરૂપય નામિયો એ,
અંતરંગ અઢાર, વેરી શ્રુત સુણિ જાણિયા એ,
ત્રિવિધ ત્રિવિધ પરિહાર, કરિ શિવ પોતા પ્રાણિયા એ. ૫૨.

(दुहा.)

સબળ શત્રુગણ ત્રાસિયો, ગરા શરણે જાય;
ભય ટાળી પારે પડે, સહિ તે સુખિયો થાય. ૫૩.
તિમ હું અરિથી બીહતો, ગરૂઆ શરણુ કરેસુ;
તેહ તણું ભય ટાળવા, મહામત્ર સમરેસુ. ૫૪.
વજ્ર તણે પંજર વસે, તેને કેવી બીહ,
ઇમ જાણીરે જીવડા, કર શરણો નરસિંહ. ૫૫.

૧ ક્રોધ ૨ મદ ૩ સુત્યકતમમૂકી દીધો છે ૪ તથા ૫ પરપરિવાદ-પરનિંદા. ૬ મૃષા. ૭ પાપ ૮ સીસ-માથુ

[ઢાળ ચોપાઇની.]

રાગ દોસ અરિ હણિ અરિહંત, અષ્ટ કર્મ અરિહણિ અરિહંત;
વિષય રષાય અરિ હણિ અરિહંત,શરણ કરૂં તે શ્રી અરિહંત.૫૬
કેવળ દંસણ કેવળ નાણ, પમુહ[1] અણુત ગુણ તણો નિહાણ[2];
જિન શાસન નાયક જયવંત, શરણ કરૂં તે શ્રી અરિહંત. ૫૭.
વિજયવંત સીમધર સ્વામિ, જાય પાપ જસ લીધે નામ,
કર્મ ખપી[3] કરશે ભવઅંત, શરણ કરૂં તે શ્રી અરિહંત. ૫૮.
ભંજે ભવભય તણી કુટેવ, ચોશઠ ઇંદ્ર કરે જસ સેવ;
મન્મથગંજણ મહિમાવંત, શરણ કરૂં તે શ્રી અરિહંત. ૫૯.
કુમત મતંગજ સિંહ સમાન, જિણ હેલ્યે જીત્યો અભિમાન;
ત્રિભુવન એ સમ કો નહુ સંત, શરણ કરૂં તે શ્રી અરિહંત.૬૦
કેવળ સિદ્ધ જે જીવ સરૂપ, જયાં નહુ કાંઇ રેખારૂપ;
અકળ લક્ષ ભેદ જે તણો, મુજને શરણ [4]સિદ્ધહતણો. ૬૧
લોક અગ્ર જેની સ્થિતિ કહી, કર્મ ખપી ઉત્તમ ગતિ લહી,
આવાગમન નહી જે તણો, મુજને શરણ તિ સિદ્ધહ તણો. ૬૨
વર્ણ ગધ રસ ફાસ સઠાણ, પંચ દુપચ અઠુ પણ [5]માણ;
જિહથી[6] નર નપુસક ન ગણો, મુજને શરણ તિ સિદ્ધહતણો.૬૩
નહુ કાયા નહુ પુનરવતાર, લેસ[7] તણો નહિ કોઇ પ્રકાર;
વિસ્તર પ્રવચન જેનો ઘણો, મુજને શરણ તિ સિદ્ધહ તણો. ૬૪
ઇણિપેર ભાખ્યા ગુણ ઇકત્રીશ, યોગી નામ જપે નિશદીસ;
અનંત સુખનો ઠામ જિ ભણું, મુજને શરણ તિ સિદ્ધહતણું૬૫
મળ નિકંદી ભવદુહકંદ, ઇમ જિહિ પામ્યો પરમાણંદ;

---

૧ પ્રમુખ ૨ નિધાન ૩ ખપાવી. ૪ તે ૫ પાચ ૬ સ્ત્રી. ૭ લેસ્યા.

જેનું નામ ભવભયભંજણું, મુજને શરણુ તિ સિદ્ધહતણો. ૬૬
ત્રિભુવન ઘર આધારણુ થંભ, દુલહુલંભ જસ સુલહ સુબંભ,
પંચમમંગળપદે પદજે તણું, મુજને શરણુ તિ સિદ્ધહતણું. ૬૭
દુદ્ધર પંચમહા વ્રતધાર, ચાલૈ તપ કરવતની ધાર,
ચરણુ કરણુ ગુણનિધિ જિહ લાધ, શરણુ કરૂં તે હું શ્રી સાધ.૬૮
નિર્મૂળ જસ નવકલ્પવિહાર, અઢારસહસ્ર શીલંગરથધાર,
નહી લગાડે જે અપરાધ, સરણુ કરૂં તે હું શ્રી સાધ. ૬૯
ચઉદહ પૂરવ અંગ ઇગ્યાર, ભણે જિ પાળે પંચાચાર;
ટાલે જીવતણી આબાધ, શરણુ કરૂં તે હુ શ્રી સાધ. ૭૦
ખીરાસવ મહુ આસવ સાર, પમુહ લબ્ધિ આગર અણુગાર,
ગંભીરિમ ગુણજળધિ અગાધ, શરણુ કરૂં તે હું શ્રી સાધ. ૭૧
જે જગ આચારજ ઉવજાય, આપસરિસ રાખેછક્કાય;
સાહુગહણુ જે સહુએ લાધ, શરણુ કરૂં તે હું શ્રી સાધ ૭૨
કેવળિ ભાખ્યો કરૂણામૂળ, ઉપશમ કુમતતણો પડિકૂળ;
તેની આદે સમકિત મર્મ, શરણુ કરૂં તે શ્રી જિનધર્મ ૭૩
ઉત્તમ મંગળ ત્રિભુવન એહ, લોકમાહિ ઉત્તમ પણુ એહ,
એહથકી ત્રૂટે સવિકર્મ, શરણુ કરૂં તે શ્રી જિનધર્મ. ૭૪
અકિરિય કિરિય વિનય અન્નાણુ, ત્રિસથ તિસઠ્ઠી પાખડિઠાણુ;
એહથકી જસ મોટો મર્મ, શરણુ કરૂં તે શ્રી જિનધર્મ. ૭૫
શુદ્ધ અનુત્તર સાચો પંથ, નૈયાયિક પ્રવચન નિગ્રંથ,
જાણે જિસો વજ્રમય વર્મ, શરણુ કરૂં તે શ્રી જિનધર્મ. ૭૬
સુરનરના સુખ સહુએ લહે, જે તે ધર્મક્રિયામર્મ વહે;
જસુ આદરણે સહી શિવશર્મ, શરણુ કરૂં તે શ્રી જિનધર્મ. ૭૭

[दुहा.]

ચાર શરણ ઇમ મે કર્યા, તો હવે હુઆ નિચિંત;
સહુએ વેરી ભય ટળ્યા, આવ્યો ભવદુહ અંત. ૭૮
ઇણ અવસર જઇ એ ક્રિમે, લાભે શરણા ચાર;
તો બહુ ભવદુહ ન લહિએ, ભમિયે નહીં સંસાર. ૭૯
હિવ મેં જે દુ કૃત કર્યા, ઇણે અનેરે જમ્મ,
નિંદુ ગરહું તે સહૂ, ચિત્ત લગાડી ધમ્મ. ૮૦

ढाळ पांचमी.

ભવે ભવે ભમતે ઈણ પ્રાણિયે, સબળ કમ્મેં બધી તાણિયે,
કર્યા કર્મજ કે તે નિદિયે, કરિય મિચ્છા દુક્કડ ગરહિયે. ૮૧
તજિ સુદેવ કુદેવ આરાધિયા, કુગુરૂ સેવી સુગુરૂ વિરાધિયા;
કુમત ભાખ્યા તે મે નિંદિયે, કરિય મિચ્છા કુક્કડ ગરહિયે. ૮૨
મે અજાણ પણે શ્રુત અવગણ્યા, વચન કેવળિ છઉમથ સમભણ્યા;
અમિલતા જિન આગમ નિંદિયે. કરિય મિચ્છાદુક્કઠ ગરહિયે. ૮૩
તજિય સવર આશ્રવ આદર્યા, શકુન જોઇસ વૈદક આચર્યા,
ધનુષ કામ કુશાસ્ત્ર તિ નિંદિયે, કરિય મિચ્છા દુક્કડ ગરહિયે.૮૪
ભરહ નાટક લક્ષણ ગુણ ગ્રહ્યા, ઇમ ભણી મન ગારવ બહુ વહ્યા;
ત્રિવિધ ત્રિવિધે તે મે નિંદિયે, કરિય મિચ્છા દુક્કડ ગરહિયે.૮૫
ચિહૂં ભેદે સંઘ તણી કરી, વિવિધ હેલણ અવગુણ મન ધરી;
જિ મે લોલપણે તે નિંદિયે, કરિય મિચ્છાદુક્કડ ગરહિયે. ૮૬
જિણઘરે જિનબિંબ વિરાધના, કુળશ પુસ્તક વિક્રય સાધના;

કિયો અનાદર તેમેં નિંદિયે, કરિય મિચ્છાદુક્કડ ગરહિયે. ૮૭
કરિ પ્રમાદ ઉસુત્રજ ભાખિયો, અલિય થયો વિણુ કીધે સાખિઓ;
વિધિઉથાપી તે મેં નિંદિયે, કરિય મિચ્છાદુક્કડ ગરહિયે. ૮૮
ચરણદંસણનાણ જિઅતિચર્યા, નહુ આલોઇતિ હલુઆપણ કર્યા;
શઠપણે તે સવિમેં નિંદિયે, કરિય મિચ્છાદુક્કડ ગરહિયે. ૮૯
વિતથભાવે ધર્મતણી મતે, અધર્મ કીધ અસાધકુસંગતે;
નહુજિ સંભરિયે તે નિંદિયે, કરિય મિચ્છાદુક્કડ ગરહિયે. ૯૦
કરહ હય ગય ગોવ સહા નરા, જુવઇ વસ્ત્ર અજાધન મેંદિરા;
મેં ભજ્યા અહિગરણ તિ નિંદિયે, કરિય મિચ્છાદુક્કડ ગરહિયે. ૯૧
નગર ગામ જે આગર પટ્ટણા, નિગમ ખેડ મડબજ કે ઘણા;
તિહ કરી પ્રભુતા તિતિ નિંદિયે, કરિય મિચ્છાદુક્કડ ગરહિયે. ૯૨
તઉઅ[1] તબય સીસગ[2] હેમના, રજત આગર ધમિયા લોહના;
વિવિધ કીધા વાગ તિ નિંદિયે, કરિય મિચ્છા દુક્કડ ગરહિયે. ૯૩
સણ ગુલીકણ કરસણ વાવિયા, વળિય વાડ બહુ દુમ[3] રોવિયા;
સુકૃત લોભમતે તે નિંદિયે, કરિય મિચ્છા દુક્કડ ગરહિયે. ૯૪
સરત લાગ સભા પવ[4] સારણી, કર્યા ઢિંકુ અરહટ પુકખરિણી;
બહુજિ કર્મતિ વળિવળિ નિંદિયે, કરિ મિચ્છાદુક્કડ ગરહિયે. ૯૫
હલમઇ કુસિ કુલિયદંતાલિયા, મુસલઉખલનીસાં ઘરટિયા;
લોઢણી કોલુ ઘાણી નિંદિયે, કરિય મિચ્છાદુક્કડ ગરહિયે. ૯૬
છુરિય ચુલ્હેત્રો વળિ કતરણી; અસિ કટારી તોમર નહરણી;
કરમ એહતણો મેં નિંદિયે, કરિય મિચ્છાદુક્કડ ગરહિયે. ૯૭
ધણુહ સીગણિ કુંત સુભાથડી, ફરિય ખેડા ઊડણ લાકડી;
પ્રમુખ આયુધ તેં મે નિંદિયે, કરિય મિચ્છાદુક્કડ ગરહિયે. ૯૮

---

૧ ત્રપુ ૨ સીમો. ૩ ઝાડ ૪ પ્રપા

રહ સુખાસણુ સીતુરિ વાહિણી, વહિલ લંઘી સિજવાળી ઘણી;
વિવિહ આસણુ કર્મંતિ નિદ્દિયે, કરિય મિચ્છાદુક્કડ ગરહિયે. ૯૯

[दूहा.]

નદી જળધિ જળ લંઘવા, કીધા પ્રવહણુ નાવ,
ડુબા કોટી બાખરકુ, પ્રમુખ જિ વહાણુભાવ. ૧૦૦
ખાઇ સજળી વિપુલપુલ પઉલી દુર્ગ પ્રાકાર,
યંત્ર વિવિધ વળિ ઢિંકુલી, સુવી બહુલ પ્રકાર.
શિલગોલા ગોફણુ પ્રમુખ, કરિય પ્રાણુવધ કીધ,
તેહ પાપનું ગુરૂ મુખે, મિચ્છાદુક્કડ દીધ. ૧૮૨

[ढाल ६ ठी देढीनी,]

(રત્નપુરી જિણુસાર-એ દેશી.)

વળિ અધિકરણુ સંભાર, જીવડા પાખર, પશુ પલાણુ જેતો કર્યાએ,
અંબાડી ગય ઢાલ, ટોપર ગાઉલી, અગરખી એ સંભર્યા એ,
જે જગ અવર સનાહ, તેથી જે મુજ, લાગ્વાં પાપ તિ નિદ્દિયેએ,
સમરિ સમરિ જગનાહ;દુહ ભવસંચિત્ત જાસનામ ક્ષણે છંડિયેએ.૧૦૩
વાદિત્ર ચહું પ્રકારે, તતઘન સુષિર જે, આહત શ્રવણુ સુખે કર્યા એ,
વીણા તાળ સુવંશ. મદ્દળપમુહ જે, અનુક્રમે નાદરસે ભર્યા એ;

તાર મંદ્ર વળિ ઘોર, ઇમ મિલી બારહ. તુર વિષય જે અનુભવ્યા એ
તિહના કર્મ કઠોર, નિદ્રિય ગરહિય, વાઉ જીવ જે દૂહવ્યા એ. ૧૦૪
પરશુ કુસી[1] કુદ્દાલ, કંકસ કુટીય અહિરણિ[2] મોગર વીધણાએ;
વંસોલા[3] કરવત્ર, ઘણુ તિ સંડાસિય તરૂધર. ત્રસ આયુધ ઘણાએ;
વગ્ગુર ભર બળ જાળ; પાસ ગલાઇય વિડિસ વરતહડિ[4] સકલા[5] એ;
નઉલ અઠીલ જંજીર, તાળા ભોગળ. વોસરિ કરિયે વેગળાએ ૧૦૫
લોહકાર સોનાર, જાળી[6] માળીય તેળી નાવી વાઘરી એ,
કંસારા ઠઠાર, ત્રંબહડ[7] ધોબીય ગાંછા છીપા ગજ ધરીએ.[8]
સૂત્રહાર[9] વણુકાર,પશુકસાઇય કુંભકાર વસને[10]રસ્યા એ;
ચોર ચરડ વટપાડ દળી અનેરા એ, તાસુ કર્મ મુજ મન વસ્યા એ.૧૦૬
તે સહુએ વોસરાવી, રે જીવ પરભવે ઇણુભવ કીધા કારવ્યા એ;
અનુમોદ્યા સંભાળી, જિન મત વિણુ સહી કોક
જન્મ તે હારવ્યા એ;
સવિ સફળા કરિ આજ, દુકૃત ખમાવીય ભાવુ
નિજમન ભાવના એ.
જિમ સીઝે સવિ કાજ, જિન ભજિ ઈકચિત્તે શિવસુખ
જિમ હુવે આસન્નાએ. ૧૦૭

---

૧ કોશ-ખો ૨ એરણ. ૩ વાસલા. ૪ વાધર. ૫ સાકળ ૬ જાળ નાખનાર ૭ ત્રાંબાના ઘડનાર ૮ ગઇધર ૯ સૂતાર ૧૦ વ્યસનમાં.

[दूहा,]

હિવ હું અનુમોદું સુકૃત, ઇણભવ પરભવ કીધ,
સાચી જિન આણા સહિત, જન્મ તણું ફળ લીધ. ૧૦૮
શ્રી જિન સિદ્ધા આયરિય, ઉવઝાયા શ્રી સાધ;
શ્રાવક દંસણ વિરતિધર, બિંહુ પ્રકાર એ લાધ. ૧૦૯
તેના ગુણ અનુમોદશું, પેલું ગુરૂઆ એહ;
ત્રિભુવન તારક જાણવા, ઈહિ નાવે સંદેહ ૧૧૦

ढाल ७ मी,

(ચોપાઈ.)

જિનવરના અતિશય ચોત્રીશ, વાણીના જસ ગુણ પેંત્રીશ;
તીર્થ પ્રવર્ત્તન ધર્મહતણું, કહિવું જનસંશય ભજણું. ૧૧૧
રાગદોષ દોષહ ટાલિવો, આપ સરિસ જીવહ પાળવો;
કેવળનાણ તિ એનુમોદણું, અરિહંતનું અરિહંતહપણું. ૧૧૨
દંસણ નાણ ને સુકખ અનંત, કર્મ ખપી કીધો ભવ અંત;
સિદ્ધપણું જે ગુણ ઇકત્રીશ, તે અનુમોદું આણિ જગીસ. ૧૧૩
જ્ઞાન પ્રમુખ જે પંચાચાર, છત્રીસી છત્રીશ પ્રકાર,
ગુણના બોલ્યા પ્રવચનમાહિ, શ્રોતા જનને કરે સમાહિ[1] ૧૧૪
સૂધો સૂત્ર અર્થ ભાષિવો, સૂધા મારગનો દાખિવો;
નિપુણપણું આચારજ તણું, અનુમોદું આચારજપણું. ૧૧૫
ચોદ પૂર્વ અગ્યારે અંગ, ચગ રંગ જે બાર ઉવંગ[2];
ભણણ ભણાવણ જે તે તણુ અનુમોદું ઉવઝાયાપણું. ૧૧૬

---

૧ સમાધિ ૨ ઉપાંગ

સમિતિ ગુપ્ત મહવ્રય ધારવો, ઈણિ ગુણ આપણપર તારવો;
સતર સંયમ દશ વિધ યતિ ધર્મ, અઢાર ભેદ બંભનો મર્મ.૧૧૭
તેહતણા ગુણ સત્તાંવીશ. કલ્પાચાર છે અઠ્ઠાવીસ;
સાધુ તણું જે સાધુ ચરિત્ર, તે અનુમોદું ગુણ સુપવિત્ર ૧૧૮
અણુવ્રત પંચે ગુણવ્રત ત્રણ, બાર શિક્ષાવ્રત ધરણ યતન,
આવશ્યકતું કરવું સદા, અનુક્રમ આવે શિવ સંપદા. ૧૧૯
જિન પ્રતિમા સાધર્મી ભક્તિ, મુનિજનદાન શુદ્ધ જહશક્તિ[1];
દેશ વિરતિ જે શ્રાવક તણી, તે અનુમોદું ભક્તિએ ઘણી. ૧૨૦
સાહુ જેમ ગુણ સાહુણિ તણા, તે અનુમોદું જાણી ઘણા;
શ્રાવક પરે ગણિ શ્રાવિકા, અનુમોદું જિન મત ભાવિકા. ૧૨૧
અવિરત જે છે સમકિત ધાર, માનવ સુરના ઘણા પ્રકાર;
ચઉવિહ[2] જે છે જગદેવતા, તે સુણિયે જિનવર સેવતા. ૧૨૨
સાહુ સાહુણિ શ્રાવક શ્રાવિકા, સુકૃત ગેહ નિર્મલ દીપિકા;
હિતે સુખ પથ્ય તાસ ચિંતવે, તાસ ન લેશ એક પરિભવે.૧૨૩
જિનસકથા પ્રતિમા જિન તણી, આશાતન ટાલે તસુ ઘણી;
ધર્મ પ્રશ્ન સુર જિનમુખ સુણે, મિથ્યામતિ દૂરે પરહરે. ૧૨૪
વેયાવચ્ચ વિનય ખામણું, આલોયણ નિંદણ ગરહણું;
ધર્મનિમિત્ત કરે પરિતાપ, આપે બોધિ જિ ઘણો દુરાપ. ૧૨૫
સુરનુસમકિત અનુમોદિયે, જેથી મુજ મન પરમોદિયે;
જિનવર તીરથ માંહે ગણું, શ્રુતધર્મે સાધર્મી ભણું. ૧૨૬
ચારિત્રધર્મે સાહમિ જેહ, જઇ મિથ્યા દૃષ્ટી હોય તેહ;
તાસુ પ્રશંસા કીજે કિસી, અનુમોદન પણ જાણો તિસી. ૧૨૭
આણ વિના પાળી બહુ દયા, આરાધક તોએ નહુ થયા;

૧ યથાશક્તિ ૨ ચતુર્વિધ

તિણુ કારણુ જિન આણુ પ્રમાણુ, વળિ વળિ અનુમોદું એ ઠાણુ.
દેશવરતિ પાળે તિર્યંચ, સમરે નિત પરમેષ્ટી પંચ;
અંતકાળ સંલેહણુ કરે, ઉત્કૃષ્ટ અષ્ટમ કલ્પ અવતરે. ૧૨૯
જાતી સમરણુ તણે પ્રમાણુ, શ્રાવક તેહ અસંખ વખાણુ;
તેનું દેશવિરતિધરપણું, અનુમોદુ સમકિત ગુણુ ઘણું. ૧૩૦
નરક નિવાસી સમકિત લંભ, પામે એહજ છે દુલ્લંભ;
એ અનુમોદુ નારકિ તણુ, કર્મ યોગે યદ્યપિ દુખ ઘણું. ૧૩૧
પુઢવી આઊ વણુસઇ કાય, એથી આવી સિધ્ધે જાય;
ચાર ચાર પુઢવી આઉથી. તેઉ પવણુ શિવગામી નથી. ૧૩૨
વણુસઈથી આવ્યા છહ સિદ્ધિ, પામે એક સમે મન શુદ્ધિ;
ઈક ભવનો એને અવતાર, અનુમોદું જે લહે ભવપાર. ૨૩૩
અવર જીવ સંસાર મજાર, તેનું સુકૃત કર્મ અવિચાર;
દાન તણી રૂચિ વિણુય સહાવ, સહજે થોડા જિહાં કષાય. ૧૨૪
દીન દયાળુપણું દાક્ષિણ્ય, પ્રિય બોલવા પ્રમુખ જે પુણ્ય;
ઈમ અનુમોદું ભદ્રિકપણુ, તેહ જીવનું સંભારણું. ૧૩૫
ઇણિપરે પરકૃત સુકૃત સંભારિ, હિવે આપણું કર્યું મન ધારિ;
તે અનુમોદું જિનગુરૂ સાખિ, ઇણુભવે પરભવે નિજમુખ ભાંખિ૧૩૬
ઇણુભવ છે શ્રાવકનો ધર્મ, પરભવે પાળ્યો ચારિત્ર ધર્મ;
બિહું પરિની અનુમોદન કરૂ, ભવસાગર જિમ હેલે તરૂં. ૧૩૭
સૂધા દંસણુ નાણુ ચરિત્ર, જે મે પાળ્યા ગુણુ સુપવિત;
સાધી ચરણુ કરણુ સત્તરી, સમક્તિ મતિ નિરતી આદરી. ૧૩૮
રત્નાધિક ગુણુ રત્ન નિધાન, ગચ્છનાયક સંપદા પ્રધાન;
તેના પ્રવચને આઠ પ્રકાર, આચારજ તારે સંસાર. ૧૩૯

ઉવ ઝાય વાચક ગણિ[1] શીસ[2], થવિર[3] ગિલાણુ[4] ખવગ[5] સુજગીસ;
ગચ્છપ્રવર્ત્તક પ્રમુખ સુસાધ, સવિ સાહમ્મી ચરિત અગાધ. ૧૪૦
વેયાવચ્ચ વિનય તેહનો, કીધો બાંધો ફળ દેહનો;
સમિતિ ગુપ્તિ મળિ પાળી અઠ્ઠ, ગુરૂ ઉપદેશે જે ઉત્કૃષ્ટ. ૧૪૧
સૂધો યંયમ સત્તરભેદ, પાળ્યો આણિ અસંયમ ખેદ;
સામાયિક ચારિત્ર ઉચ્ચરી, પંચ મહાવ્રત ક્રમે આદરી, ૧૪૨
કાળગ્રહણ ચિહુંકાળે ચાર, સજાય પઠાવી શ્રુત અનુસાર;
વાયણુ લેઇ આગમ ભણ્યા, સૂત્રત અર્થત ગુરૂમુખ સુણ્યા. ૧૪૩
અંગબાહિર બળિ અંપપવિઠ્ઠ, કાળિક ઉત્કાળિક નિર્દિષ્ટ;
આવશ્યક તેથી વ્યતિરિક્ત, ઇણિપરે છવિહ સુત્ત.[6] ૧૪૪
વાયણુ પુચ્છણુ પરિવર્ત્તના, પ્રેક્ષા ધર્મકથા દેશના;
પંચભેદ કીધો સજઝાય, પરિહરિ પંચ પ્રકાર પમાય.[7] ૧૪૫

[दूहा.]

પડિલેહણા પ્રમાર્જના, અધિક હીણ પણ ટાળિ;
ઉભયકાળ પૂરી કરી, જયણા શેષે કાળ. ૧૪૬
આવશ્યક નિરતા કર્યા, છહ[8] પ્રવચન અનુસાર;
સામાચારી સાધુની, દશ વિધ નિરતીચાર. ૧૪૭
ભવિયણ જણ પડિબોહણા, આણ્યા સૂધે પથ,
કુમત ઉસૂત્ર નિરાકર્યા, મન ન ધર્યા બે ગ્રંથ. ૧૪૮

---

૧ ગચ્છ સભાળનાર ૨ શિષ્ય ૩ સ્થવિર ૪ ગ્લાન ૫ ક્ષપક.
૬ સૂત્ર. ૭ પ્રમાદ ૮ ૭.

અભિનવ ગ્રંથજ અભ્યસ્યા, લાધા તેના મર્મ,
ઉત્તમ પૂરવ રિષિ કર્યા, શુદ્ધ જિહાં જિનધર્મ. ૧૪૯

[ઢાળ ૮ મી.]

(ઉપજાતિ છંદ)

(શ્રેય શ્રિયા મંગળકેલિસદ્મ—એ દેશી.)

સિદ્ધાંતમે શિષ્યજને ભણાવ્યા, તેના વળી અર્થ સમા સુણાવ્યા;
પંચાંગ જે સૂત્ર જિનેંદ્ર ભાખ્યા, તે સાંભળીને નિજ ચિત્ત રાખ્યાં૧૫૦
સૂત્રાર્થ નિર્યુક્તિ સુગ્રથ જાણો, સંગ્રાહિણી પંચમ ભેદ આણો;
એ પંચ જે સભ્ય સમજ્ઞ થાપ્યા, સાહુમ્મિયોને સવિશેષ આપ્યા.૧૫૧
જે ઉગ્રભાવે નવકલ્પ સાર, દેશે વિદેશે કરવો વિહાર,
પરીષહો દુરસહ દુન્નિવીસ, સહ્યા તિહા ચિત્ત ધરી જગીસ. ૧૫૨
ગ્રહ્યા ચિહુંભેદ અભિગ્રહાથ, સ્વયં ગ્રહાવ્યા પર દુલ્લહાય;
દીધીજ આલોયણ સૂત્રશુદ્ધ, કીધીજ આપે તજિયો વિરૂદ્ધ.૧૫૩
સમસ્ત દ્રવ્યે પ્રતિબંધ ટાળ્યો, નીરાગનીરે મળ જે પખાળ્યો,
આહારના દોષ સવે નિવારી, જે ગોચરી કીધી હિયે વિચારી.૧૫૪
તપ્યાજ મે દુકર બાર ભેદ, ધર્યો તને જહ્ન કર્યો ન ખેદ,
જે નાણુ ને ધોવણવસ્ત્ર કેરો, ટાળ્યો સંભારી ભવ માંહિ ફેરો.૧૫૫
શય્યા ધરિત્રી તહ પીઠપાટ, પલ્લંક છાંડી રમણીય ખાટ;
વસ્યો સદા ગુરૂ કુળ નિત્યવાસ, નિસગથી ન પડયો આસપાસ.૧૫૬
જિસો કહ્યો ઇંગિણિ તેમ લોચ, સીસે કર્યો ઇંદ્રિયનો સંકોચ;
ઇત્યાદિ સૂધો યતિ માર્ગ સાધ્યો, જેણે ભાવે સયંમ ના વિરાધ્યો.૧૫૭
વ્યવહારે ચારિત્ર પવિત્ર ઠાણુ, જિહા જિણાણા તિ હુજે પ્રમાણુ;
અનુમોદના તેહ તણી કરીજે, સુકૃત ભંડાર ભલા ભરીજે. ૧૫૮

ઇણે ભવે પામ્યો જેન ધર્મ, ગૃહી છને કીધા તે સુકર્મ;
અનુમોદિયે તે હિવ સ્વામિ આગે,જેથી દયા પાપ રતી ન લાગે.૧૫૯
ગુરૂ પ્રસાદે સુણિ જૈન વાણી, જે ભાખિયે, સૂત્રે સુધા સમાણી;
જાણ્યા જી જીવાદિક નવતત્વ, સમ સદ્દહી સમકિત લદ્ધ તત્ત્વ. ૧૬૦
જે સાચવ્યા-વશ્યક બેવિ કાળે, નિશા અને વાસરને વિચાલે,
સૂધી ક્રિયા આગમસાંખે કીધી, પ્રવાહ કેડે નહુ બુદ્ધિ દીધી ૧૬૧
પાળ્યાજ ભાવે વ્રત બાર પૂરા, વળી પ્રશંસ્યા જિનધર્મ શરા,
જયો જયો શ્રાવક કામદેવ, પરખી કરી દેવે જાસ સેવ. ૧૬૨
ધરીય રીછફુજ તીર્થ યાત્ર, કરી દયા પાળિ પવિત્ર ગાત્ર,
શ્રીવીતરાગ પ્રતિમા જુહારી, જિહાં તિહા જાતું ચિત્ત વારી.૧૬૩
ભણ્યો શુધ્ધ મંગળ ભાવ આણી, અતક્રિયા કારણ સૂત્ર જાણી;
નિશ્ચે'વિચારી અરિહંત એહ, વ્યવહારે ગેઇ ગણિ રત્નરેહ.૧૬૪
પ્રાણાનુકંપાદિ પરોપકાર, સંસાર માન્યો મન જે અસાર,
દીધો કરી પાત્ર તણો વિચાર, ભાવી ભલી ભાવન વાર વાર. ૧૬૫

(दुहा.)

કુમર સુબાહુ ઉદાયણે, ભાવી ભાવન જેમ;
વર્દ્ધમાન જિનવર તણી, સેવા પામી જેમ. ૧૬૬
ઉત્તમ દેસન સંભળી, ચારિત્ર પામ્યો સાર;
ઉત્તમ સંગતિ પામિયે, દુત્તર ભવનો પાર. ૧૬૭
માત પિતા સુત ધુઅ વહુ, અવર બહુલ પરિવાર,
ચારિત્ર અનુમતિ માગતાં, નાસ્યુ ન કીધ નિવાર. ૧૬૮
મોઘા ગુણ તેહના એહજ જગ વનધન;

સફળ જન્મ જગ એહનો, એહજ પુરૂષ રતન. ૧૬૯
આગમ પુસ્તક વાંચતા, અનુમોદ્યા મે સાધ,
એહ ધન્ય તારણ તરણ, નિરતો મારગ લીધ. ૧૭૦
વર્ગ પ્રતર ઘન શ્રેણિ તપ, પ્રમુખજ ભણ્યા અનેક,
શક્તિસીમ તે મે કર્યા, આણી ચિત્ત વિવેક. ૧૭૧
અહનિસ સામાયિક કર્યા, પર્વે પોષધ લીધ,
ઉચિત કરણ અવસર સરિસ, ગુણ અનુરાગજ કીધ. ૧૭૨
પક્ષ ગ્રહ્યો ધાર્મિક તણો, અવગુણે રહ્યો ઉદાસ,
ઇત્યાદિક અનુમોદના, નિજકૃત કર્મ પ્રકાશ. ૧૭૩

(ઢાળ ૯ મી.

(છંદ કામિનીગોહિની.]

(રિષભ જિન પ્રમુખ ચોવીસ જિનવદિયે—એ દેશી)

જિણવર વયણ અનુસાર બીજો વળી,
સુકૃત અનુમોદિયે આણિ હયડે રળી,
પન્નરે કર્મ ભૂમીસુ જે કેવળી,
તીર્થંકર નમું કર યુગળ કરિ અંજળી. ૧૭૪
ગણહર મણહર સાહુ વળિ સાહુણી,
શ્રાવક શ્રાવિકા પાર્ષદા જિનતણી;
દેવ દેવીય જે સમકિત ધારણી,
જિનમત ભક્ત જિન ધર્મ હિતકારિણી. ૧૭૫
કાળ ત્રીહું હુઆ હુવે ને વળિ હુસ્યે,
મુક્તિ પામીય પામે વળી પામશે;

તેહ સર્વ તણી કરૂં અનુમોદના,
થાય જિમ દૂર દુખ દુરિત રિપુ મોદના. ૧૭૬
પચ ઇદ્રિય તણા વિષય જે ભોગવ્યા,
ગંધ રસ ફરિસ સરરૂવ મન જોગવ્યા;
જીવ રાતો સદા તુંજ તેને રસે,
જોઇને કસિય ગુરૂવયણ આગમ કસે. ૧૭૭
ઇક ઇક ઇદ્રિય મોકલે દુખ સહે,
જીવ એકેક ઇમ સર્વ ડાહ્યા કહે;
ગધે ભમરો રસે મીન ફરસે કરી,
શબ્દે મૃગ રૂપે પતગ એ ચિત ધરી. ૧૭૮
શલ્ય-વિષ-વિષધર-થકી અધિકા ગણી,
વિષય તે છડિયા જીવ બહુ ગુણ ભણી;
પૂર્વલા નિદિય આગલા પરિહરે,
શુદ્ધ જિન નામનું ધ્યાન ઇક ચિત કરે. ૧૭૯
જિનતણી આણ જિમ પ્રાણ નિરતી ધરે,
અસુરસુર નારિનર તાસ સંથવ કરે;
કલ્પતરૂ સુરમણી કામઘટ સારિસો,
ચૌવિહ સંઘ બુરધેનુ જામળિ કસ્યો. ૧૮૦
સંઘ કહિ કિમ કરૂં એહની ઓપમા,
એહ ચારે નહી સહાય કિણુહી સમા;
એહ ઇહભવતણું ફળ દિયે સામળી,
પરભવે સંઘથી સર્ગ પૂજે રળી. ૧૮૧
સંઘ ભવ જળધિજળ તારણ પ્રવહણો,
સંઘ અપવર્ગ ઘર શિખર આરોહણો;

જાણ નિશ્રેણિસમ સંઘ કરૂણાગરો,
સંઘ સવિ જગઇદ્દારમિ[1] આગલ[2] વરો. ૧૮૨
સંઘ સંસાર કતાર ઉતારવા,
સત્થવાહોઅ આધાર ધર ધારવા;
સંઘ સુર ધરણિધર જેમ નહુ ડોલએ,
સંઘ ગંભીરિમે જળધિસમ તોલએ ૧૮૩
તેહ શ્રી સંઘસુ મન વચન તન કરી,
જેય વિરાધવા કાંઈ મે આચરી,
તેય ખમાવીએ સીસ નામી સવે,
તેહ પણ મુજ ખમો સુપ્રસન્ન ભવભવે. ૧૮૪
પુઢવિય સાતના ભેદ ચાૈદે ભણુ,
તિરિય જાઇસુ અડતાળિસ તે ઘણું,
અધિક ત્રિહું ત્રણસય ભેદ માનવ તણા,
એકસો અડ નવ જાણ સુરવણ ગણા. ૧૮૫
પંચસય ત્રેસઠ ભેદ એ સૌ મળ્યા,
ચિહું ગતિ માહિલા જીવ સૌ સંકલ્યા,
તેહનો વિવરણ ગ્રંથગૌરવ ભણી,
ન લિખિયે જાણિજયો, સુગુરૂને મુખ સુણી. ૧૮૬
અભિહયા પ્રમુખ દશઠાણ ઇરિયાવહી,
સૂત્ર જે ભાષિયા જિણવરે તે સહી,
છસય ત્રીશાધિક સહસ પણ[3] અનુસરૂં,
એટલા તેહસું મિચ્છદુક્કડ કરૂં. ૧૮૭

---

૧ જગતીદ્વારમા ૨ આગળી જેવો ૩ પાચ.

[दुहा.]

રાગદોષ બંધણે ગુણ્યા તે હોય સહસ ઇગ્યાર;
વિસય સાઠ વળિ આગલા, તેના એહ પ્રકાર. ૧૮૮
ત્રન્ન યોગ મન વચન તનું, ગુણ્યા સહસ તેત્રીશ;
સાતે સો એસી હુવે, ઈમ ખામુ નિસદીસ. ૧૮૯
ત્રિકરણ ગુણિયા એક લખ. એક સહસ સો ત્રણ,
ચાલીસા ઈમ ખામણા, સંભારૂં દિન દિન્ન. ૧૯૦
અતિત અનાગત સપ્રતિ, ત્રિહું કાળ અંતરાળ;
જીવની હોય વિરાધના, તિણ ત્રિગુણા કર ટાળ. ૧૯૧
લાખ ત્રણ ચારે સહસ, વીસ અધિક ઇમ જાણ;
સુર જિન સિદ્ધ સુસાધુંગુરૂ, આત્મ સાક્ષિ છ વખાણ. ૧૯૨
તિણ છગુણાકારે કર્યે, લાખ અઢાર પ્રમાણ;
સહસ ચોવિશ એકશો, વીસ મિચ્છકડ ઠાણ. ૧૯૩
ચઉગઈ જીવ ખમાવિએ, ઈણિપરે આણી ભાવ,
સરળ વંક[1] હિયડાતણો, ઇહ સાક્ષી જિનરાઉ ૧૯૪

ढाल १० मी.

(ગીતા છંદ.)

(આદિ અજિતજરે સભવ અભિનંદન જિન–એ દેશી)

રયણાદિક રે પુઢવિ[2] સાત દુખ ઘણ ઘણા,
એ ફળ છે રે પરભવ કીધ કરમ તણા,
ત્યાં ખેત્રજ રે વેદન સઘળે છે સહી,

---

૧ વક્ર ૨ રત્ન પ્રભાદિક પૃથિવીઓ

ત્રિહુ ઘર લગેરે, પરમાધામીની કહી;
કહિયે કિશું તસ સહે વેદન, કરી માહો માહિલી;
પ્રહરણ પાચે જાવ સુણિયે, ક્રિયા કીધી નહ ભળી;
જયાં વિવિધ કુંભીમાહિ બહુપંરે પાક કરિયે દેહનો,
કરવત્ત દારૂણ તિકખ સૂળીરે, રૂહણ વળિવળિ તેહનો.
વૈતરણી રે તટિની નીરે તારિયે,
તાતી પૂતળી રે તન આલિંગન કારિયે;
કૂડ સાલ્મલિ રે તરૂ શિખરે હીંચોલિયે,
આઘા પાછા ને કર્મ વશે ધધોળિયે.
ઢાળિયે મસ્તક તમ તરૂઓ, ત્રંબ લોહજિ ગાલિયા,
અણગળે પાણી પેસિ સરનદિ, દ્રહે દેહ પખાલિયા,
તે પાપ પોતે છતો આવ્યો, ઉદય ઇમ તે ભોગવે,
તૃષિતને ત્રપુપાવિ તાવ્યો, કર્મ કીધા જોગવે ૧૯૫
અતિ ગ્રીષમ રે કહતાં અસિવન છે જિહાં,
બેશાડે રે નરક નિવાસિ લહી તિહાં;
વાઉ પ્રાણે રે પડતે પાને ભેદિયે,
ચરણાદિક રે નાસા કાન તે છેદિયે,
જે દિયે કણને અગનિનું દુખ, ભાડભુંજાપણ ભજી,
કલંબ વાલુ અ તાપિ દહિયે, ઉચ્છલે થાનક તજી;
બહુ ભાર વહિએ લોભ સગડે, બહુ કુહાડે તચ્છિયે,
કત્તરે કાપી ખ કીજે, દુસહ વયણે તજિજયે. ૧૯૭
તનુ છેદીરે જલતે‌ા મંસ ખવાડીયે,
વને ત્રાસતો રે સુણહે[1] મૃગ જિમ તાડિયે;

---

૧ કૂતરાઓ વડે.

શીતોષણુ રે ઇહુથી ણુંત[1] ગુણી સહી,
નિમિષંતર રે માત્ર જિહાં સાતા નહીં.
જયાં નહિય સાતા કિંચિ જેને, ભવ અનંત ભમંત એ,
કાંઇ કરિય બાધા અંગ તેને, દુરિય દોસ દમત એ;
તે સહુઅ ખામું મિચ્છદુક્કડ, કરિય નરકે જે વસે,
હિવ તિરિયની ગતિ સવિ ખમાવું, રોમ મુજ ભય ઉસસે. ૧૯૮

(ચોપાઇ.)

તે કહિયે હિવ પંચ પ્રકાર, ઇક બિ[2] તિ[3] ચઉ[4] પંચિંદિ[5] વિચાર;
એગિંદિય બિહુ ભેદે જાણુ, સૂક્ષ્મ બાદર વિવિધ વખાણુ. ૧૯૯
પુઢવી આઉ અગણિ ને વાઉ, વણુભઇ સુહુમ લોક લગિ ઠાઉ,
પજત્તા અપજત્તા તેય, બિહું ભેદે ભાખ્યા શ્રુત એય. ૨૦૦
યદ્યપિ તેનો ઘાત ન હોય, અમથી કાયાને બળ જોઈ,
તોપણુ ચિત્તે વચને કરી, બાધ ખમાવું જે આચરી. ૨૦૧
હિવ બાદર પુઢવી મટ્ટિયા, તૂરી ખડી ઓસ આભુઆ;
વન્ની ગેરૂ લવણુ અનેક, સિંધવ સોચલ પમુહ વિવેક. ૨૦૨
રૂપ સુપન્ન તંબુ તપુ સીસ, જસદ લોહ એ ધાતુ કસીસ,
અરણેટો ગોપીચંદણો, શિવપલેવ ભેદ મણિ તણો. ૨૦૩
રયણુ ફૂલિહ[6] પારદ હરિતાળ, હિંગુલ મણિશિલ જાતિ પ્રવાલ;
સાવી રાંજન લોણુ પહાણુ, પ્રમુખ જિ પુઢવી કાય વિહાણુ[7], ૨૦૪
મે ભવ ભમતે નતે ભવે, જે દૂહવ્યા તે ખામું સવે,

---

૧ અનતગુણી ૨ બે ૩ તે ૪ ચાર ૫ પચેદ્રિ ૬ સ્ફટિક
૭ ભેદ

તેસું મિચ્છાદુક્કડ કરૂં, મૈત્રીભાવ સદા અણુસરૂં. ૨૦૫
સીરઉદક ગગનોદક હીમ, હરતણુ મહિયા ત્રેહ સુસીમ,
કરક[1] ઘનોદધિ સુહુમ સનેહ[2], આઉકાય બાદર જગ એહ.૧૦૬
મે ભવ ભમતે નંતે ભવે, જે દુહવ્યા તે ખામું સવે,
તેસું મિચ્છાદુક્કડ કરૂં, મૈત્રીભાવ સદા અનુસરૂં. ૨૦૭
ઉલ્કા અશનિ કનક વીજળી, ઇંગાલાગણિ જાળાવળી,
અર્ચિ જોગ કંબળિ રોમરાય, પ્રમુખ જાણુવી તેઉકાય. ૨૦૮
મે ભવ૦ ૨૦૯
ઉબ્ભામગ[3] ઉત્કલિકા વાત, ઘણુ તણું મંડાળિ પ્રમુખ વિખ્યાત;
ગુંજા શુદ્ધ સામુદ્રિક વાય, દીવાદિક ઇહનો બહુ ઠાઉ. ૨૧૦
મે ભવ૦ ૨૧૧
વનસ્પતી ચિહુ ભેદે કહી, સાધારણ પ્રત્યેક તિ ગ્રહી,
એક શરીરે જીવ અનંત, તે સાધારણ જાણુ ન ભ્રાંતિ. ૨૧૨
મૂળા ગાજર સૂયર વલ્લ, કંદ જાતિ સઘળી જે અલ્લ[4];
અલ્લ હળિદ્રા સૂરણકંદ, લસણુ વજ્ર લોઢાદિક કંદ. ૨૧૩
વંસ કરિલ્લા ઢક કુઆર, સતાવરી થોહરી વિચારી,
ખરસુઆ વિરહા ય ગલોઇ, વિરાલિ કોમલ અંબિલી જોઇ.૨૧૪
અદ્રક અલ્લ કચૂરો જાણુ, અમૃતવેલ મુત્થા મન આણુ,
એવમાદિ સાધારણુ ભણ્યા, સુગુરૂ તણે વચને મે સુણ્યા. ૨૧૫
મેં ભવ૦ ૨૧૬
હિવ સંભારૂં જે પ્રત્યેક, એક શરીર જીવ પણુ એક,
કહું ભેદ કેઇ તેહના, આગમે નામ કહ્યા જેહના. ૨૧૭
ખેર પલાશ જંબુ વડ અંબ, શાળ તમાલ અશોક ને નિંબ;

---

૧ કરા ૨ સૂક્ષ્મઠાર ૩ ઉદ્ભ્રામક ૪ આર્દ્ર-લીલી

ચપક ધવ પુન્નાપ સુચંગ, ડાડમ બીજપુર પ્રિયંગુ. ૨૧૮
સીસમ પીપળ ઊંબર બકુલ, સાલ્મલિ બિભીતક આમલઅમલ;
એવમાદિ વણસઇ પ્રત્યેક, વળી અનેરા અછે અનેક ૨૧૯
મે ભવ૦ ૨૨૦

ચંદનક વાલક કૃમિ પૂઅરા,ગંડોલા અલસગ મેહરા;
જલોય કવડ સીપને શંખ, કહી વાનગી નાવે સંખ. ૨૨૧
ઇદ્રગોપ ઇયલ આસંગ, વતરિયા ગડુર બહુ ઝગ,
જીવ બેઇદ્રિય કહિયે એહ, બાર વર્ષ આઉખું જેહ. ૨૨૨
મેં ભવ૦ ૨૨૩

હિવ ત્રેઇદ્રિય જીવ વિચાર, લોકમાંહિ તે ઘણે પ્રકાર;
ચૂડ ઇલ્લ કીડી કથુઆ, ધીયલ ગદ્દહ માકણ જુઆ ૨૨૪
'પિશુઆ લીખ ઉદેહી ધન્ન, છગણ ચોર કીડા પ્રચ્છન્ન,
કન્નસિઆલી ઇલી મિલી, અવર જાતિ ત્રેઇંદ્રિય વળી. ૨૨૫
મેં ભવ૦ ૨૨૬

'વિછૂ કોળિય શળભ પતંગ, ખજુઓ નિશિદીપે જસઅંગ;
માખી દશમશક કુત્તિઆ, ભમર કસારી ચઉરિંદિયા. ૨૨૭
મેં ભવ૦ ૨૨૮

હિવ પચેદ્રિય તિરિય વખાણતાં, જળચર થળચર ખેચર જાણ;
ઉરપરિ સર્પને ભુજપરિ સર્પ, એ પચેદ્રિય પચ વિકલ્પ ૨૨૯
એ પાંચે બિહુ ભેદે કહ્યા, ગર્ભજ સમૂર્છિમ તે લહ્યા;
દર્દુર સુસમાર કાચબા, પીઠ તિમિંગળ તિમિ માછલા. ૨૩૦
ગ્રાહક તંતુ નક્રને ચક્ર, મગર પ્રમુખ જળચર કુળચક્ર;
વસે સદા તે જળને વાસ, પડે કર્મવશ તે પણ પાસ. ૨૩૧
મેં ભવ૦ ૨૩૨

ચિત્રક રોઝ સંબરને સીંહ, રહે સદા વનમાંહિ અબીહ;
હરિણ શિયાળ રીછ શશજાત, સૂઅર વરહી છે બહુ ભાત.૨૩૩
ગય હય વસહ કરહખર મેષ, મહિષ જાતિ કૂતરા અલેખ;
મંજારી સુરહી એ જાણ, થળચર જીવ જિનેશ્વર વાણ. ૨૩૪
મેં ભવ૦ ૨૩૫

કોયલ મોર સાલહિ ભારંડ, લાવગ તીતર બગ કારંડ;
ડુગંા ભૈરવ સારસ ગીધ, હંસ કપિંજળ કાક પ્રસિદ્ધ. ૨૩૬
કુકડ ઢિંક ચકોર સીંચાણ, જીવજીવક જે બહુ ઠાણ,
માણુઅલોક બાહિર ભાખિયા,સમુદ્ગ પકિખ વિતત પકિખયા.૨૩૭
ખેચર જીવ અનેક પ્રકાર, તેહ તણો નહુ લહિયે પાર;
ગગનમંડળ ઉડંતા ભમે, હિંસા કરી સુકૃત નીગમે. ૨૩૮
મે ભવ૦ ૨૩૯

કૃષ્ણ ધવળ રાતા કાબરા, ઉર પરિ સર્પ ગોણસ અયગરા[1],
કંકટિ પિયણિ પદ્મનાગિણી, એવમાદિ અહિ જાતી ગણી. ૨૪૦
મેં ભવ૦ ૨૪૧

ઊંદર નોળ સંડ ખડહિલા, બભણિ સરડા ઘર કોઇલા,
ભુજપરિ સર્પ જાતિએ કહી, પ્રવચનમા ગુરૂ વચને લહી. ૨૪૨
મે ભવ ભમ તેનંતે ભવે, જે દુહવ્યા તે ખાવુ સવે. ૨૪૩

(दूहा.)

હિવ માનવસુ ખામિયે, તેના દુનિ પ્રકાર;
સંમૂર્છિમ ગર્ભજ અવર, મૂર્છિમ કરૂં વિચાર. ૨૪૪

---

૧ અજગર.

સમયખેત્ર માંહે જિ કે, આઉ સસંખ અસંખ;
જેનો તે નરતનુ મલે, જે ઊપજે અસંખ. ૨૪૫
વીર્ય વંત[1] સિંઘાણુ[2] મળ, મૂત્ર રૂધિર પલ[3] સંગ;
વિકૃત કળવેર નારિને, સ્તોત અશુચિ બહુ ભંગ. ૨૪૬
પુર નિદ્ધમણે[4] ઊપજે, સંમૂર્છિમ નર તેહ;
અસંખ ભાગ અંગુલતણો, એણિ પ્રમાણે કેહ. ૨૪૭
અંતર્મુહુરત આઉખું, મિથ્યા દૃષ્ટિ અસન્નિ,
મિચ્છાદુક્કડ હું કરૂં, તેહસું ચિંતવિ મન્નિ. ૨૪૮

ઢાળ ૧૧ મી.

(જે છે જિનધર્મ જાણુ શિરોમણિ—એ દેશી)

અસિમષિકૃષિ વાણિજ કરિને, ધન ઉપાર્જે આણી;
ભોગ યોગ મનરંગે યોગવિ, સંતોષે નિજ પ્રાણીરે જીવડા
ગુરૂદત્ત શીખ સંભાળ, ૨૪૯
નિશલ મિચ્છા દુક્કડ દીજે, ક્રોધ માયા મદ ટાલરે. જીવડા૦
એવા માણુસ જે ઘર[5] હોવે, કર્મ ભૂમિ તે કહિયે;
ભરહેરવય વિદેહ મળીને, પનર ખેત્ર ઇમ લહિયે. રે જી૦૨૫૧
એહ મનુજને દુઃખ ઉપાવ્યું, મન વચને તને કોઇ;
ઇણુભવ પરભવ તેય ખમાવે, જિમ તુજને સુખ હોઈ રે જી૦૨૫૨
હેમવએ હરિવાસ જ રમ્યક, અૅરણ્યવત એ નામ;
દેવ ઉત્તર કુરૂ છ પંચગુણિયે, ત્રીશ અકર્મ ભૂમિ ઠામ. રે જી૦૨૫૩
હિમવંત શિખરી કુલગિરિ ચિહું દિસિ, સહુઅ મળી અડદાઢ;

---

૧ વમન. ૨ ખળખો. ૩ માસ. ૪ શેહેરનાગટરમા. ૫ ધરામા–પૃથ્વીમાં.

સાત સાત એકેકી ઉપર, જળ નહુ ધરણિ ઓગાઢ. રે જી૦ ૨૫૪
તિણ એ અંતરદીવ કહીજે, છહ અધિકા પંચાશ;
ત્રીશ છપન મળિ થયા છયાસી, યુગળ ધર્મ નરવાસ. રે જી૦૨૫૫
ગર્ભજ ખેત્ર એકશો ઈકોત્તર, દુગુણ સંમૂછિમ કેરા;
ત્રિશત ત્રિભેદે જે દૂહવિયા, ભવ ભવ કરતા ફેરા, રે જવડા૦૨૫૬
પરમાધામી પન્નર ભેદે, ભવનપતી દશ જાણ્યા,
સોલહ વ્યંતર ચરથિર મેલી, જયોત્સી દશય વખાણ્યા.રેજીવડા૦૨૫૭
જિન પ્રતિ બોધક નવ લોકાંતિર, કિલ્વિષ તિન્ન વિમાસ,
બારે કલ્પજ નવ ગ્રૈવેયક, પંચ અનુત્તર વાસિ. રે જીવડા૦૨૫૮
તિર્યક જૃંભક દશવિધ આવે, જિનવર ગર્ભે જિવારે;
બહુવિધ નિધિધન પિતાઘર આણી, હરખે તે ભરે તિવારે રેજી૦૨૫૯
એવ કારે ભેદ નવાણુ, પજજત્તા અપજત્તા;
ઈણિપરે અઠ્ઠાણું સો પ્રવચને, ચઉવિહ સુર જિણ વુત્તા રેજી૦ ૨૬૦
બાળ અધર્મી સુત્તા અવિરત, અસંયતી ઇમ ભાખ્યા,
દોષતણે બળે કુગુરૂ કુસંગતે, ગુણવંત અવગુણ દાખ્યા. રે જી૦૨૬૧

[दूहा.]

જીવ ખમાવ્યા મેજિ કિવી, તેહજને ભવ આવિ,
પાવઠાણ જે જે કર્યા, વચન કાય મન ભાવ. ૨૬૨
મિચ્છા દુક્કડ તેહસું, કરૂ સ્વામિ તુમ સાખ;
તારેવા તરણી સરિસ, ભવ જળ પડતાં રાખ. ૨૬૩
સફળ કરૂં એ વીનતી, કરિયે વારંવાર;
સબળ સ્વામિ વિણ ઓલગે, કિમ લહિયે ભવપાર. ૨૬૪

ઢાળ ૧૨ મી.

(જિમ કોઇ નર પોસિયે. ઉરણુજાતિ વિશેષિયે—એ દેશી)

માનવનો ભવ પામિય, ઈકિચિત ન નમો સ્વામિય,
કામિય કામ વિવિધ ઇંદ્રિયતણા એ,
રાગ દોષ નહુ છડિય, ત્રિહું દંડે જીવ દડિય;
મંડિય આદર ત્રિહું ગારવ ઘણા એ ૨૬૫
દંસણ ચરણ વિરાધના, કીધી તજિય આરાધના;
સાધના સમક્તિ કેરી કિમ કરૂંએ,
નિંદા કીધી પારકી, વાટ એહ સસારકી;
નારકી થઇયે ભવજળ કિમ તરૂં એ. ૨૬૬
યંત્ર મંત્ર મહિમા ઘણી, સાર પંચ પરમેષ્ટિતણી,
નવિ ગણી ઇમ મુજ પડિયો પાંતરો એ,
સ્વર્ગલોકને ભૂતળ, જાચો સોવન પીતળ;
સમ તુળે મૂરખ ન ગણે આંતરો એ. ૨૬૭
જયાં ન કોઇ પરમારથ, દુખ ટાળેવા સમરથ;
સ્વારથ કોઈ ન સીજે ઇમ મુણી એ,
તોય કુટુંબ મમતા કરી, સમતા તેવી નાદરી.
કદરી સેવી નહુ ગિરિવર તણી એ. ૨૬૮
સૂધા મતથી પાડિય, મિથ્યા મત મે ચાડિય;
ધાડિય વાહરથાહરિ હું હુઓ એ,
પરની આપદ નિરખિય, હિયડે હસિયો હરખિય;
પરખિય આપો આપ ન જોઇઓએ. ૨૬૯
વળિ મે દીધા બહુ આલ, જસુ ફળ લહિયે તત્કાળ;
સમકાળ એહ ઉદય જવ આવશે એ,

તવ જીવ જાણિશ જેહવો, ભોગવતાં ફળ એહવો.
કેહવો કહેણો ઈમ નહુ જાઇસ્થે એ. ૨૭૦
પિશુનપણું ઘણું કર્યું, ઇણિપરે પાપે પિંડ ભર્યું,
મન ધર્યો દ્રોહ વંચ સંચ્યો સહી એ,
વેસાસીને નર હણ્યા, પરઅવગુણ શ્રવણે સુણ્યા.
મુખે ભણ્યા તેનો પાર લહું નહીં એ. ૨૭૧
બાલક મહિલા રિષિઘાઈ, પાપ ઘણો ઇહને થાય,
સમજાઈ તે કુણ જાણે કેળવી એ,
અનારજ દેશે અવતરી, અનાચાર ત્યાં બહુ કરી.
આકરી પાપરાશિ બહુ મેળવી એ. ૨૭૨.
દેશ ગામ આગર નગર, વન જયાં બહુ જીવ તરૂવર;
દવધર તિહ થઇ દાહ ઉપાવિયો એ,
સર તડાગ નદિ દ્રહ શોસ, કૂવ જળ સોસી બહુ દોષ.
મનરોષ ચિર કાલ લગી ઠાવિયો એ. ૨૭૩
વશીકરણ કામણ કરણ, જેથી પાવે જન મરણ;
સમરણ અહનિશ એવા મે કર્યા એ,
જ્યોતિષ ગ્રહગોચર કહિય, કુસુમિણ દુસુમિણ જે લહિય.
તે ગ્રહિય હિયડે ભોળા થર હર્યા એ. ૨૭૪
નૃપ નૃપ બહુ વિધ અધિકારી, થઇ દુખે ઠવિયા નરનારી;
અતિભારી આકરા કર ભવભવ કર્યા એ,
પાપ પાર હું નહું લહું, પ્રભુ આગળ તે કિમ કહું.
કિંબહુ દુરિતજળે ભવસર ભર્યા એ. ૨૭૫

[दूहा,]

અનાભોગ આભોગવશ, પ્રમાદ બળે જિ કીધ;
મિચ્છાદુક્કડ તેહનું, સુગુરૂસાખિ મે દીધ. ૨૭૬
ઇમ કરિ જે જીવ દૂહવ્યા, ત્રસ થાવર છક્કાય;
તેહ ખમાવું ત્રિવિધ હું, તેપણ ખમો સભાઇ. ૨૭૭
શ્રી જિણુવર જાણો સહૂ, કીધા કરિસુ કરાય;
વળિ વળિ પ્રભુ આગળ કહત, કાયા નિર્મળ થાય. ૨૭૮
હિવ ચેઇવંદણુ કરૂં, તન મન આણી ઠાય;
પહિલુ મંગળમંગળહ, શિવપદ તાસ પસાય. ૨૭૯

(ढाळ १३ मी.)

(દેશી ઊલાલાની.)

એઇય અનંત ચઉવીસી, વળિય અનતી હૂસી;
ઇકિ ઇક ચોવિશી ચોવીશ, જિન પ્રણમું નિશદીશ. ૨૮૦
ચોવિસી સંપ્રતિકાળ, વરતે ગુણુસુવિશાળ;
ત્યાં ચોવીશ જિણુંદ, વંદુ ધરિ આણુંદ. ૨૮૧
રિષભ અજિત જિનનાથ, સંભવ શિવપુરસાથ;
અભિનંદન જિન સુમતિ, પદ્મપ્રભ આવે સુગતિ. ૨૮૨
પૂરો આસસુપાસ; ચંદ્રપ્રભ ચંદ્રપ્રભાસ્ય;
સુવિધિ નિધિ દીપે, શીતળ પાપ ન છીપે. ૨૮૩
જિનવર શ્રી શ્રેયાંસ, વાસુપૂજ્ય વશવંતસ;
વિમળ વિમળ ગુણુગહ, સોવનવાને દેહ. ૨૮૪
જિન અનંત જયવંત, કીધો ભવદુહઅંત;

પનરમ જિણુવર ધર્મ, પામ્યો દશ વિધ ધર્મ. ૨૮૫
શાંતિકરણુ જિણ શાંતિ, કુંથુ મથનભય ભ્રાંતિ;
અર અંતર અરિ ત્રાસે, મલ્લી ત્રિજગ પ્રકાશે. ૨૮૬
મુનિસુવ્રત વ્રતધારી, પોતા ભવજલ પારી,
નામે નમિ મન્મથમાન, નેમિ ઘનશામળવાન. ૨૮૭
ત્રેવીશમ જિન પાસ, ત્રોડે પાતકપાશ,
ચોવીશમ જિનવીર, મંદરગિરિ જિમધીર. ૨૮૮
ઇમ ચોવીશ જિણુંદ, નામે ભંદ અમંદ,
લહિ તિત્થંકરગુત્ત, શિવગતિ ઠામ સંપત્ત. ૨ ૯
શક્રસ્તવ ભણિ વંદું, મિથ્યાકંદ નિકંદુ,
દંસણુનાણુ આરાધું, અંતક્રિયા ક્રમિ સાધું ૨૯૦
હિવ જિણુવર જયવંતા, ખેત્ર વિદેહ વિહરંતા,
જઘન્યપદે વીશતિ કહિયે, જંબુપન્નત્તિય લહિયે. ૨૯૧
શક્રસ્તવ બીજીવાર, તેહ જિણુસરિસ ઉચ્ચાર,
નવરં એહ વિચાર, સિદ્ધિએ પહુચણુહાર. ૨૯૨
ઇમ વંદયા અરિહંત, ભવભંજણુ ભગવંત,
વંદ્યા સિદ્ધ ત્રિકાળ, મેલી કરયુગ ભાલ. ૨૯૩
હિવ અરિહંતની ચેઇ, ત્રિભુવન અછે જિ કેઈ,
અરિહંત ભાવે થુણુશું, થવ થુઇ મંગળ ભણુશું. ૨૯૪
વ્યંતર જ્યોતિષ દેવ, કરે સદા જસ સેવ;
તેનો પાર ન લહિયે, સંખ કિસીપરિ કહિયે. ૨૯૫

[દુહા.]

પ્રતિમા પન્નર કોડિ શય, વળિ બેતાલિસ ક્રોડ;
લાખ અઠાવન ત્રીસ છહ, સહસ અસી અધિક જોડ. ૨૯૬
પ્રતિમા એ છિ જિનતણી, ઊર્ધ્વ અધો તિરિલોય;
અરિહંત ભાવે જુહારતાં, જિન સરખો ફળ હોઈ. ૨૯૭
રિષભ ચંદ્રાનન જાણિયે, વારિષેણુ વર્દ્ધમાન;
ચાર નામ એ શાશ્વતાં, પ્રણમું મન ધરિ ધ્યાન. ૨૯૮
ઈણુ નામ નહુ કો હુઆ, ન હુવે ન હુસ્યે કોઇ,
જઈ એની પ્રતિમા ભણું, તો શાશ્વતી ન હોય. ૨૯૯
આદિ અત જેનું નહી, તે શાશ્વતી કહાય;
તાસુ પટંતરે જિન પડિમા, મણુઅલોક ઇહ થાય. ૩૦૦
નર નરપતિ જે કારવી, અશાશ્વતી તે જાણુ,
જે હૂઆ જે હુઇ હુશે, જિણુવર ગુણુમણિ ખાણુ. ૩૦૧
અષ્ટાપદ સંમેતગિરિ, શત્રુંજય ગિરેનાર,
અર્બુદ ગામાગર નગર, જિહ જિહ જિનહ વિહાર. ૩૦૨
જિહાં મુનિવર અણુસણુ કરી, મુક્તિ ગયા જિણુ ઠામ,
સિદ્ધ ખેત્ર તસુ દંસણે, શુભ ફળ શુભ પરિણામ. ૩૦૩
ભરતેશ્વર નરપતિ પ્રમુહ, કરાવી મન ભાય,
તે જિનપ્રતિમા વંદતા, દૂરે દુરિત પલાય. ૩૦૪

(ઢાળ ૧૪ મી.)

(દેશી વીવાહલાની.)

ચેઇયવંદણુ કરિ હિવ અણુસણુ ઉચ્ચરૂ એ,
આપણું આતમ સુગુરૂ સાક્ષિ કરી ઉદ્ધરૂં એ;

એણિ ભૂખાલુએ એવડા આહાર આહારિઆ એ,
જેવડા મેરૂ ગિરિ પુંજ અનંત તે જાણિયા એ. ૩૦૫
પીધેલો નીર તડાગ નદી સાગરથી ઘણો એ,
તોપણ તૃપ્તિ ન લદ્ધ મે વળિ વળિ સ્યું ભણું એ;
ધરિ સંતોષ ભવચરિમની આખડી આદરૂં એ,
નીરવિણુ ત્રિન્નિ આહાર અતિભારજિમ પરિહરૂં એ. ૩૦૬
ચિહું આગારે પચખાણુ સુપ્રમાણુ ભાજે નહીં એ,
સમરશું પંચનવકાર એ સાર ત્રિભુવન સહીએ;
તિણપરે કરશું સંથારો જે પરિજિણ કહીએ,
પંચ મહા વ્રત પડિવજ્જુ સાધુ સંગતિ લહીએ. ૩૦૭
એતલો જઇ કિમે પામચે તો કિશું જોઇયે એ,
એ વિણુ કિમ કિમ ચિરસંચિયો પાપમલ ધોઇયે એ;
એક દિવસ જઇ નિર્મળો ચારિત્ર પાળિયે એ,
ગજસુકુમાલની પરે સહુ ભવદુહ ટાલિયે એ ૩૦૮
જીવ તુ મોહ નિવાર સંસાર સહુ કારિમો એ,
ઇંદ્રધણુ સંધ્યારાગ સમ જાણ તિહ કારમો એ,
ચિત્ત સમજાવી વોસરાવ સવિ પાપ એ વળિવળીએ,
જીવ ખમાવી ચુલસી લાખ યોનિ સવિ અટકલી એ. ૩૦૯
ગંઠિસી સરિસ જળપાન, મનધ્યાન જિનવરતણું એ,
અવસરે તે પણ છંડિય મંડિયે ગુણ ઘણો એ;
ચરમ ઊસાસે જસ વાસ હું વસિયો તે વોસરૂં એ,
દેહ એહ ઇક ગિણિ જેને બળે ઇમ આચરૂં એ. ૩૧૦
ઉપધિ આહાર તનુ એતલા એ ભલા વોસર્યા એ,
ઇણિપરે જીવ હલુઓ કરિ કાજ મુજ સવિ સર્યા એ;
ભાવ હિવ ભાવના બાર શિવબારની દીવિયા એ,
મરણ પંડિત કર્યો જેહિ તે ચિરલગી જીવિયા એ. ૩૧૧

(दूहा.)

લદ્ધ અલદ્ધો એહ મે, આગમ સુધા સમાણ;
હિયડે ઇક જિણુવરતણી, ધરૂં પ્રાણુજિમ આણુ. ૩૧૨
મુક્તિમાર્ગ હું સંચર્યો, ચડિ સથાર ગયંદ,
મરણુ ન બીહું અડગ જિમ, ચૂળા મેરૂ ગિરિંદ. ૩૧૩
પંચ મહાવ્રત શિર મુકુટ, અંગે શીળ સન્નાહ;
ખંતિફલગ તપ ખડ્ગ કરી, હિયડે હાર ઉચ્છાહ. ૩૧૪
ઇણુ આભરણે અલ કર્યો, પાખરિયો જિમ સીહ;
કર્મ શત્રૃસું ઝૂઝવા, હિવ હું હુઓ અબીહ ૩૧૫
આગે મુનિવર જે હુઆ, ગરૂઆ ગિરિવર શૃંગ;
સંથારે ચડિ જે ચડયા, શિવ મંદિર મન રંગ. ૩૧૬
તેનો પાર ન હું લહું, સમરણુ માત્ર સંખેવિ,
તે સભારૂં સુગુરૂ મુખે, શ્રુત બલે કેવિ સુણેવિ. ૩૧૭

(ढाळ १५ मी.)

(તે ગિરૂઆ ભાઇ તે ગિરૂઆ, જે વિષય ન સેવે વિરૂઆ રે–એ દેશી)
રિષભ અષ્ટાપદ પર્વતે, પાવાપુરિ શ્રી વીરૂ એ,
ચંપા તીર્થંકર બારમો, નેમિ ઉજ્જતગિરિ ધીરૂ એ. ૩૧૮
સાધુ સંભાર તું પ્રાણિયા, જે પોતા શિવપદ ઠામે રે;
મન રસના તનુ ઉલ્લસે, લીધે જેને નામે રે. સાધુ૦ ૩૧૯
સેસ તેવીશે જિણવરા, હુઆ શિવપુરગામી એ;
શિખર સમેત સથારિયા, સીધા જિનશાસનસામી એ. સાધુ૦ ૩૨૦
ગણુધર જિણુ ચોવીશના, પરિવરિયા પરિવારે રે;
તેના ગુણુ સંથવ કરૂં, આપ તરે પર તારે રે. સાધુ૦ ૩૨૧

પાસ સંતાની મુનિવરૂ, કાલાસ વેસિય પુત્ત રે;
પાળે પૂરે પારખી, ચઉયામિક ધર્મ પવિત્ત રે. સાધુ૦ ૩૨૨
વિહરત વીર થવિર મળ્યા, કીધો ધર્મ વિચારૂ એ,
પંચ મહાવ્રત પડિવજી, પામ્યો ભવનો પારૂ એ. સાધુ૦ ૩૨૩
પરિવ્રાજક ખદક હુઓ, ચઉદ વિદ્યા ભંડારૂ રે;
પિંગળ પસિણે ઊપનો, મન સંશય અંધકારૂ રે. સાધુ૦ ૩૨૪
જિણવર દિનકર ઊગિયો, દેખિ તિહાં તે આવ્યો રે,
વીરવચને સંશય ટળ્યો, જિણે શાસન સુપ્રભાવ્યો રે સાધુ૦ ૩૨૫
થયો તે સુર કલ્પ બારમે, આઉ સાગર બાવીસૂ રે,
ખેત્ર વિદેહે સીજસ્યે, તે પ્રણમું નિશદીસૂ રે સાધુ૦ ૩૨૬
કાળિકપુત્ર સુગુણે ભર્યો, મહિલ તિ મહિયલ સૂરો રે,
આણંદરખિખત કાસવો, પુણ્ય પ્રકૃતિ પ્રતિ પૂરો રે. સાધુ૦ ૩૨૭
ચાર ચતુર ચારિત્રિયા, પાસસંતાનિ વિદીતા રે;
વીરે પ્રશસ્યા તે નમુ, અંતરરિપુ જિણે જીત્યા રે. સાધુ૦ ૩૨૮
મનરંગે સયમ ગ્રહ્યો, કુમર અઈમત્તે બાળે રે,
કીધી નીર તળાવડી, પાખલિ બધી પાળે રે. સાધુ૦ ૩૨૯
મૂકી માહે કાચલી, તરણિ તરે ઇમ બોલે રે;
રમતમિષે બાળક તણી, જાણે કે તારૂ તોલે ". સાધુ૦ ૩૩૦
થવિર તે દેખી ચિંતવે, ઇમ દગમટ્ટિ વિરાધેરે;
એ બાલો રિષિ ભોળડો, પરમારથ કિમ સાધેરે. સાધુ૦ ૩૩૧
તે આવી પ્રભુ વીરને, પૂછે સ્વામી ભાખોજી;
અઈમત્તો ભવ કેતલે, સીજસેતે અમ્હ દાખોજી. સાધુ૦ ૩૩૨
વીર વચન વળતું ભણે, એ રિષિ ચરમ શરીરીરે,
કરજો વિનય ભલીપરે, સોવન કિમ હુઇ રીરીરે. સાધુ૦ ૩૩૩

તે ઉત્તમ રિષિ વંદિયે, અઇમત્તો ચરણ નિહાણ એ;
સિદ્ધિ રમણિવર જગે જયો. કેવળ નાણે ભાણ એ.સાધુ૦ ૩૩૪
સાધુ થયો પરતીરથી, મુણિવર કાળો દાઇરે;
કર્મ ખપી સિધ્ધે ગયો, નામે વંછિત ફળ થાઇરે. સાધુ૦ ૩૩૫

(दूहा.)

પાસ સંતાની સિદ્ધિગયો, ગંગેયો અણગાર;
સથારો સલેખણા, કરી તે નિરતી ચાર. ૩૩૬
રિષભદત્ત માહણ પવર, માહિણી દેવાણંદ,
પાળી ચારિત્ર સિદ્ધ હુઅ, પામી પરમાણંદ. ૩૩૭
હથિણાઉર નામે નગર, રાજા ત્યા શિવનામ,;
દિશાપોખિ તાપસ થયો, ચિત્તતણે પરિણામ. ૩૩૮
પ્રસિદ્ધ હુઓ શિવરાજ રિષિ, પામ્યો નાણ વિભંગ;
સાત દીવ સાતે જળધિ, સંગ સરીખો રંગ. ૩૩૯
દીવ જળધિ આગળ નહિ, ભાખે વીર અસંખ;
અઢિય અયરસમ ખંડ ગણિ, લહિયે તેની સખ. ૩૪૦
ઇમ સાંભળિ શિવરાય રિષિ, મન આવ્યો સંદેહ;
વિભંગ નાણ તેનું ગયુ, નિર્મળ હુઓ દેહ. ૩૪૧
જિણ સંગતિ સમકિત લહી, પામ્યો ચારિત્ર સાર;
લહિ કેવળ નિંવાણ ગય, તેને કરૂં જુહાર. ૩૪૨

ઢાળ ૧૬ મી.

(જય સકલ નરાસુર સ્વામી રે—એ દેશી)

પુર વાણિજ ગામ પ્રસિધ્ધોરે, સુદંસણ શેઠ સમિધ્ધો;
તે શ્રમણોપાસક ધામીરે, જિનધર્મ રૂપનિધિ પામી. ૩૪૩

ત્યાં ચેઈ દૂત પલાસૂરે, બહુ તરૂવર કુસુમ નિવાસુ;
ત્યાં સમવસર્યા જગનાહરે, શિવનગરી સારથવાહ. ૩૪૪
ત્યા વરુણ શેઠ પધાર્યોરે, પ્રભુ પ્રણમી પાપ નિવાર્યો;
શ્રીવીરે ધર્મ પ્રકાશ્યોરે, બાર પર્ષદ ચિત્ત વિકાશ્યો. ૩૪૫
શેઠ પૂછે બે કરજોડી રે, મનતણો માનમદ મોડી;
પ્રભુ કાળસરૂપ વિચારેરે, જે ભાવ તે હિયડે ધારે. ૩૪૬
પલ્યોપમ સાગર કહિયે રે, તે તણો પાર કિમ લહિયે;
સદેહ ઈસો તસ જાણીરે, પ્રભુ ભાખે કેવળ નાણીરે, ૩૪૭
પૂરવ ભવે મહાબળ હુંતો રે, તે પંચમ કલ્પે પોતો,
દશ સાગર આઉતિણે પાળ્યોરે, તે તો સંશય ઇણિપરે ટાળ્યો.
સુણિ શેઠ સુદંસણ હરખ્યો રે, સૂધો દંસણ ચારિત્ર પરખ્યો;
હુઓ પંચમહાવ્રત ધારીરે, સિદ્ધિ પહુતો કર્મ નિવારી. ૩૪૯
તે સાધુ શિરોમણિ વંદુ રે, દુહવલ્લીકંદ નિકંદુ,
પરિવ્રાજક પુદ્ગળ નામેરે, તે રહતો આલભિયા ઠામે. ૩૫૦
તિણનાણ પ્રમાણે જાણ્યો રે, જણ માંહે બેશિ વખાણ્યો;
સુર આઉ જઘન્યતિ જાણોરે, દશસહસ વરસ સુપ્રમાણો. ૩૫૧
ઉક્કોસ સાગર દશ સુણજોરે, તસ અધિકો સમય મ ભણજ્યો,
સુરલોકતણો વિચ્છેદ રે, એ ગૌતમ સંભળિ ભેદ. ૩૫૨
પ્રભુ પ્રણમી સુરથિતિ પૂછેરે, જગદીશ્વર વચન પરીછે;
સહુ જહન સુરસ્થિતિ સરખીરે, ઉક્કોસે અંતર નિરખી. ૩૫૩
તેત્રીશ સાગર થિતિ જાણી રે, ઇમ પભણે જિણવર વાણી;
જણ કહતા સંભળી આવે રે, પ્રભુ પાસે સંયમ પાવે. ૩૫૪
શિવતણી પરે તે સીધો રે, સંથારો નિર્મળ કીધો;
મે તેહતણી સ્તુતિ કરિયે રે, ભવસાગર દુત્તર તરિયે. ૩૫૫

સહસાનીક નૃપની ધૂઆ રે, રાય ઉદાયનદેવની ભૂઆ;
શતાનીક નૃપની ભગિની રે; મૃગાવતી નણંદ શશિવદની. ૩૫૬
જિનભક્તિ કરે ગુણવંતી રે, જસુ નામ પ્રસિદ્ધ જયંતી;
તે જિણવર વંદણ આવે રે, મન શુદ્ધે ભાવન ભાવે. ૩૫૭
બહુ પ્રશ્ન પૂછી તત્વગ્રહિયોરે, સંવેગે સંયમ લહિયો;
સવિ કર્મતણા મળ ટાળીરે, ભવ ભાવણ જળે પખાળી. ૩૫૮
લહિ કેવળ કરિ સથારો રે, થઇ સિદ્ધ તિ હિયડે ધારૂં;
એ પંચમ અંગે કહિયેરે, જસુ નામ જપત શિવ લહિયે. ૩૫૯
દેશ સિંધુસોવીર પ્રસિદ્ધો રે, વીભયવર નગર સમિધ્ધો,
ત્યાં રાજ કરે નૃપ ન્યાયી રે, જસ દેશ અનીતિ ન કાઈ. ૩૬૦
તસુ નામ ઉદાયન દીપે રે, નિજ ભુજ બળે અરિદળ જીપે;
મિથ્યા મત સંગતિ ટાળે રે, સૂધા સમક્તિસું વ્રત પાળે. ૩૬૧
ઇક દિવસ પોસહ વ્રત ધારીરે, પૂરો દિવસ નિશા બ્રહ્મચારી,
રયણીને ત્રીજે યામેરે, મન તણે ભલે પરિણામે. ૩૬૨
તે ધર્મ-જાગરિયા જાગે રે, જિન ભાષિત મારગ લાગે;
જાગંતો ભાવન ભાવેરે, શ્રીવીર ઇહાં જઇ આવે. ૩૬૩
તો વંદિ મનોરથ પૂરૂં રે, ભવ ભાવઠના ભય ચૂરૂં;
જગનાયક જાણિ પધાર્યા રે, નૃપ ચિત્તે હર્ષ વધાર્યા. ૩૬૪
બહુ ઉત્સવ કરિ પ્રભુ ભેટ્યોરે, કિરિ મોહ નરેંદ ચપેટ્યો;
ભાણેજ ઠવી નિજરાજેરે, રાયરાણા મેળિ સમાજે. ૩૬૫
તિણે આપણ સંયમ લીધોરે, તપે કર્મ ખપીને સીધો;
તસુ નામ નમું ઇણ કાળેરે, કર મેલી બેવઇ ભાળે. ૩૬૬

(दुहा.)

કત્તિય શેઠ સંયમ ગ્રહ્યો, પુરિ હથિણાઉર વાસ,
નિગમ અઠોતર સહસસું, શ્રી મુનિસુવ્રત પાસ. ૩૬૭

સંથારો કરિ છેહડે, મરણ સમાધે સાધિ;
સોહમ્મે અધિપતિ હુઓ, ઇંદ્ર આણ આરાધિ. ૩૬૮
એકણ ભવને આંતરે, લહેશે મુક્ત ઠામ;
દ્રવ્ય સિદ્ધના નામને, ભાવે કરૂં પ્રણામ. ૩૬૯
કર્મયોગે કાંઇ ઊપજે, રે જીવ વેદન તુજ;
સંભારી અહિયાસ જે, જિણવર ભાષિત ગુજ્જ. ૩૭૦

(ઢાળ ૧૭ મી.)

(ચોપઈની.)

અણુસણ કિરિયાણો વ્યવહર્યો, મોટે પથ પિયાણો કર્યો;
વેદન વિઘ્ન હોય અંતરાળ, તો જીવ ગુરૂની શીખ સંભાળ. ૩૭૧
પરવશ નરક દુંખ બહુ સહ્યા, એક જીભ કિમ જાયે કહ્યા;
તિરિયમાણુઅગતિ માંહિ ભમત ત્યા પણ પામ્યા દુંખ અનંત. ૩૭૨
તૃષા ભૂખ વળિ તાઢને તાપ, છેદન ભેદન બહુ સંતાપ,
આધિ વ્યાધિ અસમાધિ અગાધ, નિમિષ માત્ર ન રહ્યો નિરબાધ. ૩૭૩
તેથી અછે અનતમ ભાગ, એ વેદન જીવ હિયડે જાગ,
પરવશ પડયો કર્મને પાશ, ભમ્યો જીવ સંસાર નિવાસ. ૩૭૪
લાગો નહી ધર્મ અભ્યાસ, કઇયે ચિત્તતણે ઉલ્લાસ,
ઇણ અવસર ઇમ હિયે વિમાસ,દઢતા કરિ વેદન અહિયાસ. ૩૭૫
પરવશે જીવ ઘણા દુખ સહે, આપણ વશ કોઇ વિરલો લહે;
પૂરવ ભવ કીધો અંતરાય, આવ્યો ઉદય પ્રથમ જિનરાય. ૩૭૬
વર્ષલગે સૂધો આહાર, એ છે સાધુ તણો આચાર,
ચારિત્ર લીધે લાધો નહી, કિયા કર્મકો છૂટે નહી. ૩૭૭
કૃષ્ણ પુત્ર ઢઢણ કુમાર, બારવતી નગરી મજઝાર,
અન્નપાન સૂધા નહુ લહ્યા, પરિસહ છહે માસ તિણ સહ્યા. ૩૭૮

અન્ય દિવસ વિહરત ગોચરી, કૃષ્ણ દેખિ પ્રદક્ષિણ કરી,
ભાવ સહિત તસુ વંદે જિસે, એકણુ શેઠે દીઠો તિસે. ૩૭૯
કૃષ્ણ ભક્તિ મોદક તિણે દીધ, નેમિપાસ આલોવણ લીધ;
અસૂઝતા જાણી પરઠવે, તિણ મિષે કર્મ સવેઈ ખવે. ૩૮૦
કેવળ પામી પહુતો પાર, દુસહ પરીષહ સહ્યા તિવાર;
ખંદક સૂરિના પંચસય સીસ, સહ્યા પરીષહ ધરી જગીસ. ૩૮૧
પાળક પીડયા ઘાણીએ સહુ, કીધી ક્ષમા તેણે અતિ બહુ;
તે હુઆ અંતગડ કેવળી, શિવ પહુતા મન પૂગી રળી. ૩૮૨
ગિરૂઓ મુણિવર ગજસુકુમાળ, નવ પરણી જિણે છંડી બાળ;
કાઉસગ્ગે રહ્યા મસાણ અબીહ, સીસ જલંતે હુઓ સીહ. ૩૮૩
અર્જુનમાળી થયો અણગાર, સહ્યા પરીષહ તિણે અપાર;
ગરૂઆ શ્રી અન્નિય પુત સૂરિ, જાય નામે જસ પાતક દૂર. ૩૮૪
ગંગા નદી તણે ઊતાર, પામી કેવળ પહુતો પાર;
સુકકોસલ નામે રિષિરાજ, સહી પરીષહ સાધ્યા કાજ. ૩૮૫
વઈરાચારજ ઉત્તમ સાધુ, શિષ્ય એકસુ શિવપુર લાધ;
સીંહે કર્યો પરીષહ સહ્યા, જસુ જસ પરિમળ મહિ મહમહ્યા.૩૮૬
એવમાદિ કહિયે કેતલા, અતીત કાળ હુઆ જેતલા;
તેની પરે પરિસહ સહે, સંથારો ઇણિપરે નિર્વહે. ૩૮૭
એ સુશીખ સાંભળિ પ્રાણિયા, લાહાકંખી જિમ વાણિયા;
આવી વેદન અહિયાસિયે, તો હેલે શિવપુર વાસિયે. ૩૮૮
વિણુ જોખમ જીવ લાભ ન હોય, એહ વાત જાણે સહુ કોઈ;
એહ શીખ નિશ્ચલ મન ધરૂ, નમસ્કાર સમરણ આદરૂં, ૩૮૯
પંચ પરમેષ્ટિ જપું નવકાર, સહુ મંત્રમાં એહજ સાર;
વસીકરણ શિવરમણીતણું, અંતકાળ ન ભણાયે ઘણું. ૩૯૦
અરિહંત અરિહંત એહજ ધ્યાન, કરત જીવ છંડે જો પ્રાણ;
ઇણ કારણ પ્રભુપય લાગિયે, અવર કિંપિ મે નહુ માગિયે. ૩૯૧

એ કીધી છે આરાધના, મંગળ કારણ શિવ સાધના;
ભાવે ભવિક જીવ જે ભણે, ભણતાં ગુણતાં જે જન સુણે. ૨૯૨
પાળે નિરતી જે જિણઆણ, તે પામે વછિત કલ્યાણ;
પભણે સાહુરયણ ગુરૂ સીસ, પાર્શ્વચંદ્ર સૂરિ મન જગીસ.૩૯૩

(दूहा.)

ત્રિહું ભેદે આરાધના, દંસણ નાણ ચરિત્ત;
સદા કાળ આરાધિયે, થઇયે નિશ્ચળ ચિત્ત. ૩૯૪
એ ત્રણે આરાધતા, સર્વારાધક હોય,
પંચમ અંગે ભાખિયો, હિયે વિમાસી જોય. ૩૯૫
અંતકાળ જિણ પ્રાણિયે, ચિત્ત આણિયે વિચાર.
તેને પ્રવહણનીપરે, ઊતારે ભવ પાર. ૩૯૬
સુખ ભાવે સંભારિયે, દિનપ્રતિ ત્રણે કાળ;
ઇણ અભ્યાસે સાધિયે, સાધેવા જે કાળ. ૩૯૭
સાધ્યો સમય તિ જોઇયે, તે જાણે તે જાણ;
જપતપ સંયમ વ્રત વિરતિ,સહુએ થાય પ્રમાણ. ૩૯૮

(द्वार संग्रह.)

સંલેહણ[1] આરાધના[2], સમકિત તત્ત્વ[3] વ્રત બાર;
ઉચ્ચારણ[4] વોસવણા, પાવઠાણ અઢાર[5]. ૩૯૯
પડિવજ્જણ ચિંહુ શરણનું[6], દુકૃત ગર્હણ[7] જાણ;
સુકૃતતણી અનુમોદના[8], વિષય છંડિ[9] દુહ ખાણ. ૪૦૦
સંઘ સહિત કરિ ખમણા[10], જીવ ચોરાસી લખ્ખ,
તેના સહુએ ભેદ ગણિ, જે કેવળિ પચ્ચખ્ખ. ૪૦૧
તે સું મિચ્છાદુક્કડા, જે તે કરી ખમાવિ[11];
પછે ચેઈ વંદણા[12], કરવી મનને ભાવ. ૪૦૨

સુગુરૂ સાખ સંવેગ ધરી, અણુસણુનો ઉચ્ચાર[૧૩];
પૂરવ રિષિ સંભારણો[૧૪], પરિસહ સહણુ વિચાર[૧૫]. ૪૦૩
શક્તિ વિના અંતિમસમે, સમરણુ શ્રીનવકાર[૧૬],
એવં આરાધન તણા, પભણ્યા સોલ દુવાર. ૪૦૪
(૧૯૯૨) પન્નર સય બાણું વરસ, વિક્રમકાળ વિચાર;
માઘ શુકલ તેરશ દિવસ, પુખ્ખરિક્ષ ગુરૂવાર. ૪૦૫
વિજય મુહુરત ગુરૂમુખે, સંભળિ શ્રુત અનુસાર;
ગુરૂ પ્રસાદે પૂરી કરી, ભણુજો ચતુર વિચાર. ૪૦૬

(इति श्रीमन्नागपुरीय बृहत् तपागच्छ मंडन, पंडित श्री साधु रत्नासिष्य श्री पार्श्वचंद्रसूरीश्वर विरचिता आराधना समाप्ता.)*

* સદ્ગુરૂ **શ્રીપાર્શ્વચન્દ્રસૂરિશ્વર** પરમ પૂજ્યાચાર્યે આ પ્રકરણનો પન્નરસે ની સદીમા ભવ્યાત્મા કોઇક જીવને ઉદ્દેશીને પ્રકાશ કરેલ છે

આ પ્રકરણનો નામ આરાધના અથવા પુન્યપ્રકાશ સ્તવન છે આજ સ્તવન અવલોકી અને સેજ મોટો માલમ પડવાથી ટુંકમા આ પ્રકરણ સ્તવનાનુસાર સોલસેની સદીમા વાચક વિનયવિજયજીયે તેજ નામાનુસારૂ આરાધનાપુન્યપ્રકાશ સ્તવન બનાવેલ છે.

ગુર્જરભાષામા આ સ્તવનની કૃતિ પ્રથમ સૂરીશ્વર મહારાજે કરેલ છે તે સવત્ ઉપરથી સ્પષ્ટ માલુમ પડે છે, અને ત્યાર પછી આ ગ્રન્થ કર્તાના અંતેવાસી **શ્રીસમરચંદ્રસૂરિયે** નાની આરાધના ૪૨ ગાથાની બનાવેલ છે. ત્યાર બાદ પુન્ય પ્રકાશ સ્તવન થયેલ છે, જે આશયની ઉત્તમતા ભાવ પ્રધાનતા આદ્યકવિવરની છે તેવી પ્રધાનતા અન્ય કૃતિમા આવી શકી નથી જોકે સમયને અનુશરતા ગગમા ઠીક છે

આ પૂજ્યપાદે સાતસે ગાથાની મોટી આરાધના કરેલ છે એમ એમના અન્ય ગ્રન્થોથી અને અનુયાયીયોના લેખોથી માલમ પડે છે, છતાં તે ગ્રન્થ હાલ કમનિસીબે દૃષ્ટિગોચર થતો નથી, તે ગ્રન્થમા અપૂર્વ ભાવ શુ લાવ્યા હસે ? તે તો જેમણે પ્રત્યક્ષ જોયો હોય તેણેજ અપૂર્વ આનંદ અનુભવ્યો હોય આપણા કમભાગ્યે આ મહદાત્માના કેટલાક ગ્રન્થ રત્નો આવા આવા હાલ નજરે પડતા નથી કેમ અભાવ થયો તે સમજાતુ નથી એજ

॥ २ ॥ अथ गहुंळी. ॥

આદિજિન પયકમલ નમી, દેવી સરસ્વતી વાણીરે.
વાસ વસો મુજ કંઠાભરણે, સ્થુણીએ બહુ શ્રુત નાણીરે. ॥૧॥
પાર્શ્વચંદ્ર સૂરીશ્વર વંદો, અહનિસી હોય આણંદોરે. એ આંકણી.
પર્વત આબુ આકાશે અટકયો, કલ્પતરૂસમ શોભેરે. પાર્શ્વ૦ ૨
તિરથ પ્રવર જિન મંદીર સારાં, દ્રષ્ટી દશે દિસી થોભેરે;
શ્રીનાગોરી તપગચ્છ નાયક, સાધુરત્ન સૂરીરાયોરે;
શિષ્ય સહિત યાત્રા કરી ફરતા, ગામ હમીર પુર આયારે. પાર્શ્વ૦ ૩
વાસ વસે જ્યા શ્રાવક સારા, ગુરૂ આવ્યાનું જાણીરે,
વંદી સૌ ગુરૂ વાણી સુણતા, પ્રતિબોધ્યા બહુ પ્રાણીરે. પાર્શ્વ૦ ૪
ભાલ તિલકસમ શ્રાવક કુલમા, પ્રાગ વંશ વિખ્યાતારે;
માત વિમલા પિતા વેલ્હગશાહ, તસુ સુત પાર્શ્વચદ્ર પ્રખ્યાતરે.
પાશ્વચદ્ર૦ ૫
સંવત પન્નરપર વર્ષ છિતાલીશ, ઉગ્ર વૈરાગે ધ્યાયારે;
માત પિતાની આજ્ઞા થાતાં, હુવા તે મુનીરાયારે. પાર્શ્વ૦ ૬
પાર્શ્વચદ્ર ગુરૂ નામજ આપી, શિષ્ય સિરોમણી સ્થાપેરે.
સાધુ રત્નસૂરીની સેવા, કર્મ જાલ સૌ કાપેરે પાર્શ્વચંદ્ર૦ ૭
પઠન કરે વિવીધ ગુરૂ પાસે, તત્વ જિનાગમ ધારેરે.
પ્રશ્ન કરી ગુરૂ ગીતારથને, સંસય મનથી વારેરે. પાર્શ્વ૦ ૮
સંસ્કૃત પ્રાકૃતમા વરપંડીત, તર્ક ન્યાયમાં પુરારે;
કવિત્વ સક્તિ અતિ જશ ઉંચી, ઉગ્રક્રીયામાં સૂરારે પાર્શ્વ૦ ૯
યોગ્ય જાણી ગુરૂ મુનિ નાયકને આચાર્ય પદ દીધોરે;
આગમ રીતે પાર્શ્વચદ્રસૂરી, ક્રીયા ઉધારજ કીધોરે. પાર્શ્વ૦ ૧૦
ગુર્જર સોરઠ માલવ મરૂધર, પૂર્વાદિક બહુ ફરતારે.

રાજા પ્રજા બહુ જન પ્રતિબોધ્યા, કુમતિ સૌ પરી હરતારે.
પાશ્વચંદ્ર૦ ૧૧

ગ્રંથ રચ્યા ઉત્તમ ભવી કાજે, સૂત્રારથ બહુ કરતારે;
શુદ્ધ પરૂપક જિન મારગના; મમત્વ મિથ્યા નવિ ધરતારે.
પાર્શ્વચદ્ર૦ ૧૨

શિષ્ય સમરચંદ્ર તસ અતિ ઉત્તમ, તપજપ ધ્યાન દરિયારે;
સૂરીમંત્ર ગુરૂ આપી હરખે, નિજ પાટે તસુધરિયારે. પાર્શ્વ૦ ૧૩
સંવત સોલને બારે વરસે, યોધપુરે સૂરી આવ્યારે;
વર્ષ પચોતેર આયુ ક્ષય કરી, સ્વર્ગપુરે સિદ્ધાવ્યારે પાર્શ્વ૦ ૧૪
ચક્ર ચુડામણી દિનકર સરિખા, જિન સાસનના નાયકરે,
શુદ્ધ મને ગુરૂ ગહુંલી ગાવે. થાશે તે સુખ દાયકરે. પાર્શ્વ૦ ૧૫

॥ ३ ॥ अथ गहुंली. ॥

ચરમ જિનેશ્વર વીરને વંદીરે, બેની શુશીલા બની આનંદીરે,
હરષે આજ ગુરૂ ગુણ ગાતીરે, સમકિત સ્નાને નિરમલ થાતીરે. ૧
શ્રી પાર્શ્વચંદ્ર સૂરિ રાયારે, હરખે વંદુ તસુ પાયારે,
ઉગ્ર મહા વ્રત પંચને પાલેરે, મદ આઠ ત્રીકરણથી ટાલેરે શ્રી૦ ૨
વસ્તી હૃદયમાં પ્રવચન માતારે, સવી જીવતણા સુખ દાતારે.
ગુણ છત્રીશથી ગુરૂ સોહેરે, જ્ઞાને સુરનર પતિ બહુ મોહેરે શ્રી૦ ૩
પાપ અઢાર તજી થયા ત્યાગીરે, લગની સિદ્ધસ્વરૂપશું લાગીરે.
મૈત્રી કરૂણાદિ ભાવના ચારરે, ધ્યાવે તેહ સુધાં દુજી બારરે શ્રી૦ ૪
નય નિક્ષેપા અને સપ્તભંગીરે, જિન આગમ ગર્ભિત રંગીરે.
કોઇ અજ્ઞ કથે એકાંતેરે, શંકા ટાલે ગુરૂ અનેકાંતેરે શ્રી૦ ૫
જિન આગમ માધુરી વાણીરે, તેથી તત્વારથ લીધો તાણીરે;

ગુરૂ મનન કરે વીર રીતીરે, તેણુ શીવ વધુ રાખે પ્રીતિરે. શ્રી૦ ૬
ધન્ય એવા ગુરૂ જેણે દીઠારે, તેના પાપ ગયા સવી નીઠારે;
તેણે પુણ્ય તણી ગ્રહી રાસીરે, જે ગુરૂ ગુણે હોસે વિલાશીરે.શ્રી૦ ૭
આજે પર્વ પંચમીના રંગેરે, મુજ હર્ષ સમાય ન અંગેરે.
પ્રીતે ગહુંલી ગાઇ પદ્મરે, તેથી પામીએ સાસ્વત સદ્મરે.શ્રી૦ ૮

—— ૦ ——

॥ ४ ॥ अथ गहुंली. ॥

જીરે ગુરૂજી પધાર્યા ચાલો વાંદવા. જીરે કુશલચંદ્ર અણુગારરે;
ગુણવંતા ગુરૂજી વાણી સુણાવે શ્રી સિદ્ધાંતની,
જીરે પરિસહ ફોજને જીતવા, જીરે લીધો સંજમ ભારરે ગુણ૦ ૧
જીરે પચ મહા વ્રત પાળતા, જીરે છકાય રક્ષણ હારરે. ગુણ૦
જીરે દશવિધ યતિ ધર્મે રમે, જીરે નવ કલ્પી ઉગ્ર વીહારરે. ગુણ૦ ૨
જીરે શાંત સુધારસ સિંચતા, જીરે ભવિજન હૃદય મોઝારરે. ગુણ૦
જીરે અમૃત સમ દિયે દેશના, જીરે રોસ તોસ નહીં લગારરે.ગુણ૦ ૩
જીરે ગામ નગરપુર વિચરંતા, જીરે આવ્યા ગુરૂ કચ્છ મોઝારરે ગુણ.
જીરે અકલુસ અકિંચન ગુરૂ, જીરે સાંત દાંત અણુગારરે. ગુણ૦ ૪
જીરે બાહ્ય અંતર ગ્રંથી વારીને, જીરે નિગ્રંથ મુનિ ગુણવાનરે. ગુણ.
જીરે કનક પાષાણને સમ ગણે, જીરે માનોપમાન સમાનરે ગુણ૦ ૫
જીરે નાગોરી તપગચ્છ દીવાકરૂ, જીરે પાર્શ્વચંદ્ર સૂરીરાયરે. ગુણ૦
જીરે તસ સંતાનીય તે ગુરૂ, જીરે માનહંસ મુનિરાયરે. ગુણ૦ ૬
જીરે એવા ગુરૂનું સ્મરણ કરી, જીરે ભવમાં ભમવું જાયરે.ગુણ૦
જીરે પાતક ચુરે દુખ હરે, જીરે દીપકહે સુખ થાયને ગુણ૦ ૭

॥ ५ ॥ अथ

જીરે લલીત વચનની ચાલ

જીરે કુશલચંદ્રજી મુનીવરૂ, જીરે શાંત
જીરે જંગમ તીરથ વિચરતા, જીરે ગામ
જીરે કુશલચંદ્રજી મુનીવરૂ. ॥૧॥
જીરે રાગ દ્વેષને જીતવા, જીરે લીધો સંજમ ભા
જીરે લઘુવય વિરતી આદરી, જીરે પંચ મહાવ્રત
જીરે કુશલચંદ્રજી૦ ૨ ॥
જીરે પૂર્વાશ્રમ કોડાયમાં, જીરે ઓસવાલ શુભ નાત;
જીરે ભમઈમાત ઉદર હંસલો, જીરે જેતસિંહ જશતાતજીરે કુ
જીરે ઓગણી સેહેને સાતમાં, જીરે સિદ્ધગિરી પાલીતાણા મ
જીરે હરખચંદ્રસૂરિ હાથથી, જીરે દીક્ષાલહે ગુરૂરાય. જીરે૦
જીરે કરમ કટકને જીતવા, જીરે ભવરણ રોપ્યો થંભ:
જીરે જેર કર્યા મહા મોહને, જીરે ક્ષમા ખડગથી અચંભ, જીરે૦ ૫
જીરે આર્જવ માર્દવ ગુણ ભર્યા, જીરે સમતા સાગર પૂર.
જીરે ઉપસમ અસિધારે કર્યા, જીરે ... ગોર ચકચુર જીરે૦ ॥૬॥
જીરે ગીતારથ ગુરૂરાજની, જીરે ગહુંલી કરી પરભાત;
જીરે ચોગતિ ચુરે દુખ હરે, જીરે દીપ કહે સાક્ષાત. જીરે૦

॥ ૬ ॥ अथ गहुंली

સહુ સખીઓ ચાલો, આજ ગુરૂ
જંગમ તીરથ મુનિરાજ,
પાતિક ધોવા ગુરૂ

, ધરવા શિર જિણુ આણુરે,

ાનીયા, કુશલચદ્ર મુનિરાજરે,

ગીરવા, સ્વપર સુધારે કાજ. ગુરૂ ॥૨॥

। નિર્મલ, છકાય રક્ષણુ હારરે;

ગુપતિના ધોરી, અપ્રતિબદ્ધ વિહાર. ગુરૂ ॥૩॥

ાર ગ્રથી ટાલી થયા જેહ નિગ્રથરે.

ગુણુ ચરણુ કરણુથી, સનમુખ શિવપુર પથ ગુરૂ ૪ ॥

ા કોડાય નગરમા પૂર્વાશ્રમ ગુરૂ વાસરે,

ધર્યો લઘુ વયમા ગુરૂયે, હરપચદ્રસૂરિ પાસ ગુરૂ૦ ॥ ૫ ॥

ડુવા ગુરૂની ગહુલી કરીયે, વરીયે મંગલ માલરે,

સ્તક પૂગે ચૌગતિ ચુરો, દીપ ભણે ગુણ માલ ગુરૂ૦ ॥ ૬ ॥

॥ १ ॥ अथ गहुंळी. ॥

ગર્ભાવાસ રાખ્યોરે પ્રભુ તન બહુ કરી—એ રાગ.

ભવી તમે વદોરે, શ્રી પાર્શ્વચદ્ર સૂરી,

નિકંદોરે નિશદીન ધ્યાન ધરી. ભવી ટેક ૧

ભરીયા ગુરૂ દરીયા, શાત દાત અણુગાર,

ગણુ ભાનુ, જિન સાસન સણુગાર.

વિમળદે ઉદર દરી ભવી. ॥ ૧ ॥

ીધો ક્રીયા ઉધ્ધાર.

અગીયાર

ભવી૦ ॥૨॥

બાળબોધ આગમની રચના, ક
છત્રીશ ગુણુથી ગુરૂ ગુણુવંતા લેર
શીલાંગ રથના ધોરીરે, ધારી ધરમ
વરસાવી સૃષ્ટિમા વૃષ્ટિ કષ્ટિહરી ગુરૂદેવ,
દુકાળનું દુખ દૂર નિસર્યું, સારે સુરનર
ભૂપતી માલવ દેવેરે, ભક્તિ સ્તુતિ ઉચ્ચરી.
ધ્યાન ગુરૂનું જેનર ધરશે, તરશે તે સસાર,
આધી વ્યાધી જશે ઉપાધી, થશે સમાધી સાર
અષ્ટ મહા ભય ટળશેરે, મળશે લચ્છી ખરી. ભવ.
ચરણ કમલ સેવે તે પાવે, અડ માહા સીધ નવનિધ,
વંધ્યા પારણે પુત્ર ઝુલાવે, અંધ નેત્ર દીન રીદ્ધ.
ભૂત પ્રેત ગ્રહ પીડારે, ન રહે વ્યાધી જરા ભવી૦ ॥
સુવિહીત આચારજ ગણુનાયક, પાર્શ્વચંદ્ર સૂરીરાજ,
જે ભવી નરનારી નીત્ય ભજશે, સફળ થશે તસ કાજ
સહજ કળાનીધી કીરતીરે ધવળ મગળ પસરી ભવી૦ ॥ ૭

॥ ७ ॥ अथ गहुंली. ॥

વીર પટોધર આવીયા, ભવિયણુને દે ઉપદેશ;
સહિયર મોરી બાર પરષદા, સજી કરી
સુણુવા અમૃત રસાલ
આવો સવાઇ ગુરૂ ભેટવા.
શ્રી પાર્શ્વચંદ્ર સૂરીશ્

ન મરૂ દેશ. સઇયં૦ આવો૦ ૨
.વાલ કુલ સણગાર. સઇયં૦
જન્મ્યા પુત્ર રતન. સઇ૦ આવો૦ ૩
સઇયર ગાવે ગીત; સઇ૦
ઝયા, તે માહે મુગટ સમાન. સઇ૦ આ૦૪
ગ નહિં, ત્યા લગે પ્રતપો વિવેક ચંદ્રસૂરીંદ૦ સ૦
રીસરૂ, પાટેદીપે દીણંદ સઇ૦ આ૦ ॥ ૫ ॥
હામાગ્રં, થાપ્યા શ્રી વિવેક ચંદ્ર સરીદ. સઇ૦
હરખે મલી, ખરચ્યા સહુસ દ્રવ્ય. સઇ૦ આ૦॥૬॥
હરખે કરી, લખ્યો ચિત્ર લેખ,
ા વાચીને અવધારજો. આવજો સુરત ચોમાસ. સઇ૦આ૦૭
રસેં સાડત્રીસમેં ગહુંલી કરી, સુરત માંય,
ણ વદ એકાદસી, લાલચદ્ર ગુણ ગાય સઇ૦ આવો૦ ૮

॥ श्री भ्रातृचंद्रसूरि स्तवन. ॥

અવિનાશી વીરને ધ્યાવી, સુગુરૂ સરસ્વતી મનમા ભાવી;
મા લાવી, ગુરૂ ગુણ ગાવો સાહેલી.
લી વધે જેમ સમકીત વેલી. ગુરૂ. ૧
ાજે, ભાતૃચંદ્ર સૂરીરાજ વિરાજે;
ગુરૂ. ૨
સનાં મનડા મોહે;
ગુરૂ. ૩

ગુરૂ. ૪

ન. . રૂપારયણે ભરિયા, નિર્વધ શુદ્ધ પાળે કિરીયા;

.રી જેણે સુમતી ઇરિયા. ગુરૂ. ૫

દેશોદેશ ગુરૂરાજ ફરે છે, મીઠે વયણે ઉપદેશ કરે છે,

સમતા રશને ધરે છે. ગુરૂ. ૬

દરસન કરતાં પાપ ઘટે છે, આધિ વ્યાધિ અને રોગ મટે છે;

ગુરૂ જોતાં કર્મ હટે છે. ગુરૂ. ૭

ચાલો બેની ગુરૂ વંદન કરીએ, ભાવ ધરી દુઃખડાને હરીએ,

દેવ શીવ સાખ્ય વરીયે. ગુરૂ. ૮

એણી પરે ગુરૂ ગુણ ગાયા, મુની દીપના શિષ્ય કહાયા,

દેવેં દુ આનંદ પાયા. ગુરૂ. ૯

अथ गुहुली.

ગોકુલ મથુરાંરે વ્હાલા. એ રાગ.

સદગુરૂ નમિયેરે બેની, જગમા કોઈ ન તુલ્યે એની.

ગુણ જિન વાણીરે શાણી, સરસ સુધારસનીએ ખાણી. સદ.ટેક.૧

શુદ્ધ પ્રરૂપ કરે સાચા, સાંપ્રત સંયમ ગુણમા રાચ્યા.

શ્રી જિન આજ્ઞારે માને, રહે ગુણ સ્થાનકમાં શુભ ધ્યાને. સદ.૨

પંચમ વિરક્રમરે આરે, મલવા મુસકીલ આ સંસારે;

પુરણ પુન્યરે મલિયા, તો ભવિમનના વાછિત ફલીયા. સદ. ૩

લસ રાખીરે નાવે, તે પાછલ પુસ્કલ પસ્તાવે,

રતરૂ પામીરે સેહેજે, સૈયર સમકિત ફલને ગ્રહેજે. સદ. ૪

અવર ઉપાધીરે ટાલા, ч. ч.

તે ગુણ નિષ્પન રેનામે, ભ્રાતૃચંદ્રસૂરિ આતિમકામે;
ભાવ ધરિનેરે ભેટો, મિથ્યા જેહ અનાદિ તે મેટો. સદ. ૬

રત્ન ત્રયિથીરે છાજે, જ્ઞાનદીપ સમ્યગ શશી છાજે;
નિજ ગુણ માહિરે રમતા, રૂપસહિત અતિ છે લાવન્યતા.સદ.૭

સૈયર સરખીરે ટોલી, કર ગ્રહી કુમ કુમ કેરી કચોલી,
સ્વસ્તિક અક્ષતરે ધરતી, ફુલ ઠવી લુછણાં લલિ લલિ કરતી.સદ.૮

ગુરૂ ગુણ ગુહુલીરે ગાવે, બહુ સોભાગ્યવતી સુખ પાવે.
નવ નિધિ નિજ ઘરરે થાવે, ગિરધર ગુરૂપદે શીશ નમાવે.સદ.૯

॥ शार्दूलविक्रीत–वृत्तम ॥

यावच्छ्रीजिनशासनेन वसुधा सोमासमालंकृता ।
यावद्रत्नत्रयांचितामुनिवरा ज्ञानाज्ञया संवृताः ॥
यावच्चंद्रदिवाकरौ सुमनसां मार्गे चरंताविमौ ।
तावत्सूरिपदान्वितो विजयतां श्रीभ्रातचंद्रो गुरुः ॥१॥

ઇતિ પ્રાતઃસ્મરણીય પ્રકરણ સંગ્રહઃ,